1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
2 BHK અને 3 BHK
રેડી ફ્લેટ નવી બિલ્ડીંગમાં
એસફોર્ડ રોયાલે 3 BHK વેચાણથી
ઓબેરોય 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી રીસેલ ફ્લેટ
પ્રાઈમ લોકેશનમાં દુકાન
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૧૩૪૮ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૮ ઓગસ્ટ – ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ● કુલ પાના : ૨૦+૪=૨૪ ● કિંમત રૂ.૫.૦૦

PREM
AJANTA
FOR AN ETERNAL LIFE

YOUR LIFESTYLE JUST GOT A LUXURIOUS MAKEOVER!

Spacious and Thoughtfully Designed **2 BHK & 3 BHK Residences** Opposite Kalidas sports complex

Upgrade to a premium life at Prem Ajanta with:
Jogging Track
Fitness Centre
Podium Parking
Play Area

RERA No. P51800056385



Come home to the new address of luxury and leisure.

Site address: Prem Ajanta Murar Road, Mulund (West)

Corporate Office: 1st Floor, Out House, Dinmani Sadan, R.R.T. Road, Mulund (W), Mumbai - 400 080.
Contact: +91 9769762989, 9769762525

Contact for more details
Whatsapp No. +91 97697 62525

Click Here

# મુલુંડની અગ્રણી રિઅલ એસ્ટેટ કંપની 'પ્રેમ ગ્રુપ' દ્વારા 'પ્રેમ અજંતા' અને 'પ્રેમ બીમા છાયા' પ્રોજેક્ટ લોન્ચ

મુલુંડની જાણીતી રિઅલ એસ્ટેટ કંપની 'પ્રેમ ગ્રુપ' એ તેમના મુલુન્ડમાં નવા બે પ્રોજેક્ટ 'પ્રેમ અજંતા' અને 'પ્રેમ બીમા છાયા'ના અનાવરણ ઈવેન્ટનું શનિવાર, તા.૨૪ ઓગસ્ટના મુલુંડ (વે) માં કાલિદાસ મેરેજ હોલ ખાતે આયોજન કર્યું હતું. આ વિશેષ એન્યુઅલ ગેધરીંગ ઈવેન્ટમાં લગભગ ૨૫૦ રિઅલ એસ્ટેટ એજન્ટોએ તથા પ્રેમ પરિવારના અંદાજે ૫૫૦ લોકોએ (પ્રેમ ગ્રુપ પ્રોજેક્ટના ભૂતપૂર્વ ગ્રાહકો)એ પણ સહર્ષ હાજરી આપી હતી.

૩૯ વર્ષનો બહોળો અનુભવ ધરાવતી રિઅલ એસ્ટેટ કંપની 'પ્રેમ ગ્રુપ'નો મુલુંડ (વે)નો 'પ્રેમ અજંતા' પ્રોજેક્ટ યુનિક ડિઝાઈન, લેવિશ પ્લાનીંગ, ઝીરો વેસ્ટેજ સહિત અનેક અત્યાધુનિક સવલતો ધરાવે છે. જ્યારે 'પ્રેમ અજંતા'ની સવલતોમાં સ્ટીલ્ટ પાર્કિંગ, ત્રણ પોડિયમ ઉપરાંત પૂરતું હવા ઉજાસ ધરાવતા ૧૫ અપર ફ્લોર અને વિવિધ સવલતો ધરાવતું ત્રીજું પોડિયમ તો અંદાજે ૧૨૦૦૦ સ્કે. ફીટની વિશાળ જગ્યા પર ફેલાયેલું છે. આ પ્રોજેક્ટની ડિઝાઈન મુંબઈના પ્રખ્યાત આર્કિટેક્ટ સંજય પુરી દ્વારા તૈયાર કરવામાં આવી છે. જ્યારે સ્ટ્રક્ચરલ ડિઝાઈન પૂણેની જે.ડબલ્યુ. કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરાઈ છે.

મુલુંડ (વે)માં પી.કે. રોડ સ્થિત મહાકવિ કાલિદાસ કોમ્પલેક્સ પાસે મુરાર રોડ પર બની રહેલાં આ પ્રોજેક્ટ પરથી કાલિદાસના સ્પોર્ટસ કોમ્પલેક્સના નયનરમ્ય નઝારો જોઈ શકાશે તેમજ તે મુલુંડના સેન્ટરમાં પરફેક્ટ સાયલન્ટ ઝોનમાં આવેલો છે. અહીંથી એલબીએસ માર્ગ, જૈન દેરાસર અને માર્કેટ સુધી તમે સરળતાથી વોક કરીને જઈ શકશો.

'પ્રેમ ગ્રુપ'નો મુલુંડ (ઈ)માં આવેલો બીજો પ્રોજેક્ટ 'પ્રેમ બીમા છાયા' જેનું ટૂંક સમયમાં પઝેશન આપવામાં આવશે તે ગ્રાઉન્ડ પ્લસ ૯ અપર ફ્લોર ધરાવે છે. આ પ્રોજેક્ટથી લીલાછમ દ્રશ્યો અને તાજી હવા સાથેના ચિંતામણી દેશમુખ ગાર્ડનનું આહ્લાદક વાતાવરણ માણી શકાશે.

'પ્રેમ બીમા છાયા' જે મુલુંડ ઈસ્ટના એમ.પી. રોડ પર સ્થિત છે તે સ્ટેશનથી પાંચ મિનિટના વોકના અંતરે આવેલો છે તેમજ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેથી ૫ મિનિટનું ડ્રાઈવ છે. પ્રોજેક્ટની ડિઝાઈન અગ્રણી આર્કિટેક્ટ કરણ દઈસરીયા જ્યારે સ્ટ્રક્ચરલ ડિઝાઈન આર. સી. ટિપનીસ દ્વારા તૈયાર કરવામાં આવી છે. **(વધુ માટે જુઓ પાના નં.૧૮ થી ૨૦**




પ્રેમ ગ્રુપના સંચાલકો



મુલુંડના સિનિયર મોસ્ટ ડેવલોપર્સ



પ્રેમ ગ્રુપના સંતોષી ભૂતપૂર્વ ગ્રાહકોનો સમૂહ

## જાદવજીભાઈ કરમશી ઠક્કર (MD, પ્રેમ ગ્રુપ) અને અશ્વિનભાઈ પ્રેમજી ગડા (MD, પ્રેમ ગ્રુપ)




૪૫ વર્ષથી પ્રથમ પ્રેમજી ગડાના પાર્ટનર અને હાલમાં પ્રેમ ગ્રુપના ખઉ, જાદવજીભાઈ ઠક્કર એ કંપનીનો ઈતિહાસ વાગોળતાં જણાવ્યું હતું કે પ્રેમજીભાઈ એમ. ગડાએ ૧૯૬૨થી મુલુંડમાં એસ્ટેટ એજન્ટ તરીકે કામ શરૂ કર્યું હતું. ૧૯૬૮માં મેં અશ્વિનભાઈ ગડા સાથે એસ્ટેટ એજન્ટનું કામ શરૂ કર્યું અને ૧૯૭૮થી પ્રેમજી એમ. ગડા સાથે પાર્ટનર તરીકે જોડાયા. એસ્ટેટ એજન્ટ તરીકે સારી સફળતા મળતાં અમે ડેવલપર તરીકે ૧૯૮૫માં મુલુંડ વેસ્ટમાં આર.એચ. બી. રોડ ઉપર પ્રથમ બિલ્ડીંગ 'પ્રેમ આશિષ'નું નિર્માણ કર્યું. ત્યારથી લઈને ડેવલપર તરીકે અમે આજ સુધી મુલુંડ ઉપરાંત ભાંડુપ, માટુંગા, દાદર, બાંદ્રા અને કામોઠે જેવા લોકેશનમાં ૩૮ જેટલા બિલ્ડીંગ્સમાં ૧૫ લાખ સ્ક્વે.ફૂટ બાંધકામ કરીને ૧૫૦૦ કુટુંબોને સુવિધાજનક ઘરો ઉપલબ્ધ કર્યા છે. આ ઉપરાંત ૭ લાખ સ્ક્વે.ફૂટ જેટલી એમિનિટીઝનું નિર્માણ કર્યું છે અને આ સફર હજી ચાલુ જ છે. આજે પણ અમારા ગ્રાહકો અમારા દ્વારા બાંધવામાં આવેલા બિલ્ડીંગ્સની પ્રશંસા કરે છે. અનેક સોસાયાટીઓ એ સુંદર ઘર ઉપલબ્ધ કરાવવા બદલ અમારું સન્માન કરીને અમને મોમેન્ટો આપ્યા છે જે અમારા ઉત્તમ બાંધકામ અને પારદર્શક વ્યવહારના પ્રતિક તરીકે અમારી ઓફિસને શોભાવી રહ્યા છે.

ટેક્નિકલ ક્લેરિટી એટલે કે પ્રોજેક્ટ માટે બીએમસી તેમ જ અન્ય એજન્સીઓ પાસેથી જરૂરી તમામ મંજૂરીઓ મળ્યા પછી જ અમે કન્સ્ટ્રકશન શરૂ કરીએ છીએ અને ગ્રાહકોને આપેલી સમય મર્યાદા પહેલાં જ પઝેશન આપી દઈએ છીએ. આજે પ્રેમ ગ્રુપના પાર્ટનર્સની ત્રીજી પેઢીના રીધમ ગડા, હિતેશ ઠક્કર અને વિશાલ ઠક્કર બીએમસીમાંથી પ્લાન પાસિંગથી લઈને ઓસી મેળવવા સુધીની તમામ જવાબદારી સંભાળે છે. આ ઉપરાંત અમારી સાથે કામ કરનાર એસ્ટેટ એજન્ટ્સ, જેમને અમે ચેનલ પાર્ટનર્સ કહીએ છીએ, તેમને પૂરી દલાલી આપીએ છીએ. આ સર્વ બાબતોને લીધે પ્રેમ ગ્રુપની આજે રીયલ એસ્ટેટ ક્ષેત્રે એક વિશ્વાસપાત્ર બ્રાન્ડમાં ગણના થાય છે.

## Karan Daisaria & Devansh Daisaria
Architect for Prem Bima Chayya

Architecture is among the features that define a building; request you to pen a couple of lines on the design aspect of the project.

Project Bima Chhaya : Nestled in the vibrant neighborhood of Mulund, Project Bima Chhaya by Prem Group offers a perfect blend of residential comfort and commercial opportunity. The spacious balconies in each apartment not only provide a serene spot for residents to unwind but also offer picturesque views of the lush green areas of the city, creating a tranquil living environment amidst the urban bustle.




The architectural design of Bima Chhaya stands out with its dynamic and contemporary aesthetic. The building's façade is adorned with gracefully curved vertical elevation fins, which add a touch of sophistication and movement to the structure. These fins, combined with the ample balconies, create a visually engaging exterior that reflects both form and function. With a dedicated focus on maximizing natural light and ventilation, the innovative design of the building ensures a luminous and breezy living space, fostering an ambiance of tranquility and well-being.

## Sanjay Puri
Architect for Prem Ajanta

Designed in 15 levels, elevated on a 3 level high podium garden, each apartment is planned meticulously with minimum circulation, ample natural sunlight and sheltered outdoor balconies. The large landscaped podium and the rooftop terrace generate 20000 sq ft of vehicle free garden space for the residents. A minimal articulated exterior maximizes the exterior frontage to each room of every apartment with floor to ceiling glass creating openness. This unique residential building generates multiple open spaces for its residents with well planned interior spaces and a host of amenities.

A minimal articulated fluid exterior opens up the inner apartment spaces to the outside with large windows and balconies.



Click Here

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલ્ફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૧૩૪૮ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૮ ઓગસ્ટ – ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ● કુલ પાના : ૨૦+૪=૨૪ ● કિંમત રૂા.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING
Now Available
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49%
(p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank
Click Here

# ક્લાસિફાઈડ્સ

### ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

### ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : **9322257731**

**gurjarmat@gmail.com**
**www.facebook.com gurjarmat**
**www.gurjarmat.com**

### Display Advt. Rates

**First colour Page**
Rs.**40**/- Per Sq.cm.
**Last colour Page**
Rs.**32**/- Per Sq.cm.
**Inner Colour Page**
Rs.**24**/- Per Sq.cm.

## શૈક્ષણિક

### French Classes

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

### English Grammar Tuitions Board: ICSE/CBSE

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## મહિલા માટે

### 1+1 Free

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

### ઘરઘંટીનો ભવ્ય શોરૂમ

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## લગ્ન સંબંધી

### પૂજા મેરેજ બ્યુરો

**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com

## જગ્યા સંબંધી

### Oberoi Eternia

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1384)

### Oberoi Enigma

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1384)

### શ્રી એસ્ટેટ એજેન્સી

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

વનબેડ 459 કારપેટ પી.કે. રોડ 1.08, 366 કારપેટ 89/૨ બેડ ફર્નિશ્ડ જે.એન.રોડ 160 (145 સુધી શક્યતા) 3 બેડ બી.પી.ક્રોસ રોડ 775, 180, 935 + 100, 260 (240 શક્યતા) પ્રીમીયમ ૩ બેડ ફર્નિશ્ડ ૨ પાર્કીંગ 1130, 4.2 CR. LBS/4 બેડ બી.પી.ક્રોસ રોડ, 1750, 440, બાલરાજેશ્વર મંદિર નજીક 1800, 575 ફર્નિશ્ડ /૩ બેડ ભાડે ઝવેર રોડ 75, પી.કે.રોડ, આર.એચ.બી.રોડ 60/ઈન્ડ.યુનીટ ગ્રા. 1135, 180/, વેચાણથી વનરૂમ કીચન વન બેડ બનેલું 72, 55/ ડબલ રૂમ 42, ઓફિસ 1160 કારપેટ 240 વેચાણથી, તેમજ ફાયદાથી ઘણા ઓપશન, વેચાણ બ્રોકરજ ૧% ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 98211 80931, 87794 41915** 131 (1382)

### Sale

2 BHK Ground Floor, Fully Furnished, Air Contioned, Residence cum Clinic with a seperate door entry. For Patients and 30 years of good will for sale. Contact : **Dr.Mistry - 9820523864** Goverdhan Nagar, A-3, 002, Ground Floor, LBS Marg, Opposite Nisarga Hotel, Mulund (West)-400 080. No Broker 6724 (1348)

## ધંધાદારી

### કવર! કવર!! કવર!!!

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

### વોશીંગ મશીન રીપેરીંગ

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

### પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

### Jainam Publicity

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 257 (1348)

### RVS Pest Control

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

### મામલ ફુડસ

પર્યુષણ પર્વ માટે ઘઉંની પુરી, ચકરી, ચેવડો, ચોળાની વડી, મગની વડી, પાપડ, મરચાંની સુકવણી, સૂકા કેર. સંપર્ક : **86938 35501** 063 (1354)

### સનસાઈન કવર્સ

ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું (Home Visit Charge Extra). **આલમ - 98924 44413 / 9892444436 શબ્બીર - 98217 02633, 9967799747, નીરજ- 98921 48465, 87798 49022.** 492(1348)

## ધંધાદારી

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

### જુના કપડા વેચાતા લેશું

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491(1357)

## નોકરી સંબંધી

### નોકરી ખાલી છે

For our **Mulund West Office** Part Time Accountant required with Knowledge of Tally Prime, E-Invoicing, E-Way bill, Bank Reconciliation, GST R1 & GSTR 3B Filing, Reconciliation. Estimated Balance Sheet preparation.

**Send your bio-data by E-mail on raizerplaspack@gmail.com**

### TRAINING

LEARN TO LEAD. Get Trainning on Personality Grooming & Mindset by **Abhijit Sir - 98674 89566** Mulund 6685 (1348)

### Required Urgently

Worker Required Helper Lathe Operator Thane (W). N.S.Industries, Gala No.C-5, 1st Floor, LBS Marg, Nandan Industrial Estate, Thane (W)-400 604. Contact : **7506251088, 9137508573** 496 (1349)

### એકાઉન્ટસ

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : **9773661090**

## ટુર અને ટ્રાવેલ્સ

### પિતૃ તર્પણ

સિધ્ધપુર અને ગયાજી (બિહાર) સપ્ટે, નવેમ્બર પેકેજ. **ઉદય ડી.જોષી** (નખત્રાણા-કચ્છવાળા) **9324615113** 6292 (1348)

*રીટર્ન ગિફ્ટ,*
*લાવો બીજાના મુખે*
*તમારું સ્મિત.*

*જીત મેળવો*
*કામ ને ક્રોધ જેવા*
*શત્રુઓ સામે.*

*મનમાં બાંધુ*
*પંખીના ટહુકાનું*
*મીઠું તોરણ.*

*હૈયે હરિનો*
*વાસ જ, જીવનનો*
*ખરો પ્રવાસ.*

*દિલના વાદ્ય*
*પર છેડે છે પ્રીત*
*મધુર રાગ.*

*શૈશવ પાસે*
*વિસ્મયનો, વિશાળ*
*હોય સાગર.*

*ત્યારે મળશે*
*જિંદગીને વજન*
*કરો ભજન.*

*કેવી છે વર્ષા?*
*સીડી વિના એમ જ*
*ઉતરી આવે.*

*ગુન્હો કરશો?*
*આબરૂનું થવાનું*
*વસ્ત્રાહરણ.*

*સતત ગોળ*
*ફરે, પંખાને આવે*
*ના જ ચક્કર.*

*મન કરે જ*
*નૃત્ય જ્યારે ઝાંઝર*
*વાગે પ્રીતના.*

**હાઈકુ**



કવિયત્રી
**મંજુલા રાંભિયા**

Click Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

New Collection in Festival Season
M to 10 XL કુર્તી, કુર્તી–પેન્ટ સેટ, વેસ્ટર્ન ટોપ, વેસ્ટર્ન ગાઉન, પેન્ટ, જેગીન, પાયજામા, ટી શર્ટ, લેડીઝ નીકર બધામાં નીત–નવિન વેરાયટી જોવા આજે જ મુલાકાત કરો.
Hemangi Dedhia
9987897979

વર્ષ : ૨૭ • અંક : ૩૨ • સળંગ અંક : ૧૩૪૮ • મુંબઈ • બુધવાર • તા.૨૮ ઓગસ્ટ – ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ • કુલ પાના : ૨૦+૪=૨૪ • કિંમત રૂ.૫.૦૦

## ગુર્જરમાતનો આગામી અંક ૭ સપ્ટેમ્બરના પ્રગટ થશે

ગુર્જરમાતનો આગામી અંક ગણેશ ચતુર્થી અને સંવત્સરી મહાપર્વ અનુલક્ષી તા.૪ સપ્ટેમ્બર બુધવારને બદલે તા.૭ સપ્ટેમ્બર શનિવારે પ્રગટ થશે. જેની વાચકો અને જાહેરખબર દાતાઓએ નોંધ લેવી.

## ભક્તિ પર્વ શ્રાવણ માસ હવે આખરી ચરણમાં પહોંચ્યું, પર્યુષણ મહાપર્વની ભવ્ય તૈયારી

કચ્છી ગુજરાતીઓની મુખ્યત્વે વસતી ધરાવતું આજનું મોડર્ન મુલુંડ ઉપનગર અગાઉ મંગલાપુરી નામે ઓળખ ધરાવતું હતું. અત્રે હિન્દુ જૈન ધર્મના તહેવારોની સાથે ગુજરાતી, મહારાષ્ટ્રિયન સંસ્કૃતિના પર્વ ભવ્યતાથી અને ધામધૂમથી ઉજવાય છે. પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ પાંચ ઓગસ્ટ સોમવારથી થયો. તે સાથેજ ધર્મ આરાધનાઓ ભક્તિ ભજન સાથે શિવ મંદિરોમાં હર હર મહાદેવની ગૂંજ ગાજી ઉઠી હતી. આ માસમાં દેશભક્તિનાં મહાપર્વ ૭૮મો સ્વતંત્રતા દિવસ તા.૧૫ ઓગસ્ટ ગુરુવારના વિવિધ શાળા, કોલેજ, સંસ્થાઓમાં તથા રાજકીય પક્ષો દ્વારા ભવ્યતાથી ઉજવાયો. તા.૧૧ ઓગસ્ટ રવિવારે ગુજરાતી પરિવારોએ વીર પસલીના તહેવારની ઉજવણી કરી. પરિવારની પરિણિતા

(અનુસંધાન છઠ્ઠા પાને)

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
ઓફિસ વેચવાની છે
એલબીએસ માર્ગ,
820 કારપેટ,
1 પાર્કિંગ સાથે
98198 64456
81040 09694

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
3 BHK વેચવાનો છે
2 પાર્કિંગ સાથે
વર્ધમાનનગર પાસે,
સંપર્ક :
98198 64456
81040 09694

કિંજલ ફૂડ
વિદેશમાં ઉપયોગી
રેડી ટુ ઈટ, ડીહાઈડ્રેટેડ,
ફ્રીઝડ્રાઈડ, ફ્રોઝન ફૂડ
માટે વ્યાપારી પૂછપરછ આવકાર્ય
તેમજ ભારતમાં પ્રવાસ દરમિયાન
ટ્રેન-એરપોર્ટ ઉપર
ફ્રેશ જૈન વેજ/સાત્વિક ફૂડ
92215 06127
website : www.kinjalfood.com

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
1080 ફુટ કારપેટ
3 BHK ઝવેર રોડ
ખાતે નવી બિલ્ડીંગમાં
2 પાર્કિંગ સાથે વેચવાનો છે
8169222044



Promise to stay together my love, eternally!
WEDDING PACKAGES
TO SUIT ALL YOUR REQUIREMENTS
Celebrations with Best Venue & Menu • 10 AC Halls • Valet Parking
Events & Decorations all under one roof • No hidden charges
T&C apply
BOOK YOUR DATES NOW
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka,
Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in • info@hoteltiptopplaza.in

THE PALACE BANQUETS



તપસ્વી ના પારણા / સાંજી
All Inclusive Package Starting
Rs.1,548/- per person (min. 250 pax to 350 floating)
Rs. 1625/- per person (Above 350 with separate AC Dining floor)
(+ Taxes)
Book Now: +917532060708
Offer valid for bookings till 30th September, 2024
The Palace Banquets, Vikas Centre, N.S Road, Mulund West

Click Here

# પર્યાવરણની સુરક્ષા એ જ કૃષ્ણ લીલાની સાચી ઉજવણી



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી એ કેવળ સનાતન ધર્મ સાથે જોડાયેલો એક તહેવાર નથી પરંતુ એ ભારતીય સંસ્કૃતિ સાથે અભિન્ન રીતે વણાઈ ગયેલું લોક પર્વ છે. જીવન જીવવું એ એક શ્રેષ્ઠતમ કળા છે, એ ભાવનાને જેણે સાચા, અર્થમાં જીવી બતાવી છે તેમનું નામ છે પાર્થસારથિ શ્રી કૃષ્ણ! તમામ સંસ્કૃતિઓમાં કૃષ્ણ એકલા એવા લોકનાયક છે જે જીવનની દરેક પરિસ્થિતિને સમગ્રતાથી સ્વીકાર કરે છે, અને તેને ઉત્સવમાં બદલવાનું સામર્થ્ય ધરાવે છે. કૃષ્ણ આધ્યાત્મિક ક્રાંતિના યથાર્થ દ્રષ્ટા છે. તેઓ રાગ, પ્રેમ, કામ, ધ્યાન, યોગ, ભોગ, આત્મા-પરમાત્મા, યુધ્ધ, કૂટનીતિ અને રાજનીતિ આદિ વિષયોનો યથાર્થ રૂપમાં સ્વીકાર કરે છે. જ્યારે મનમાં ગહન અંધકાર છવાયો હોય ત્યારે આપણો પુરૂષાર્થ આપણા અવચેતનમાં કેવી રીતે એવો રચનાત્મક ભાવ ઉત્પન્ન કે બંધન તૂટી જાય અને અજ્ઞાનરૂપી અંધારાનું આવરણ વિખેરાઈ જાય, વાસ્તવમાં આ જ કૃષ્ણ-તત્વની મોજૂદગી છે અને આ જ જન્માષ્ટમી છે.

વર્તમાન સમાજમાં વધી રહેલી સંવેદન શૂન્યતાના આ સમયમાં કૃષ્ણ-તત્વની અનુપસ્થિતિ દેખાઈ રહી છે. પોતાનું શિયળ બચાવવા માટે તડપતી અબુધ બાલિકાઓની આંખો એ દ્વારકાધીશની પ્રતીક્ષા કરી રહી છે જેણે કૌરવોની સભામાં ઉપસ્થિત થઈને દ્રૌપદીની લાજ બચાવી હતી. વાસ્તવમાં જ્યાં સુધી આપણે સમગ્રતાથી જીવન જીવનારા કૃષ્ણને જ્યાં સુધી પરંપરાગત આસ્થાઓ અંતર્ગત કેવળ જન્માષ્ટમીના પર્વ સુધી જ સીમિત રાખશું ત્યાં સુધી આપણી અંદર અન્યાયની સામે ઝઝૂમવાનું સાહસ અને અત્યાચારનો પ્રતિકાર કરવાનો સંકલ્પ ઉત્પન્ન નહીં થાય.

શ્રી કૃષ્ણનું વ્યક્તિત્વ અસીમ માધુર્યથી ઓતપ્રોત છે. પોતાની જીવનયાત્રાના કોઈ પડાવ પર જ્યારે વ્યક્તિ કિંકર્તવ્યમૂઢ થઈને અવસાદગ્રસ્ત થઈ જાય છે ત્યારે કૃષ્ણ સંદેશ આપે છે કે હે અર્જુન! ઉઠ અને તારૂં કર્મ કર, કારણ કે તું તો નિમિત્ત માત્ર છે. આ સંસારમાં જે કંઈ બની રહ્યું છે તે મારી ઈચ્છાના ફળસ્વરૂપ છે. તેથી ફળની ઈચ્છાનો ત્યાગ કરીને તારા કાર્યને સમર્પણ ભાવથી કર. એમની કાર્યશૈલી પોતાના અધિકારો પ્રતિ સચેત અને દુરાચારી વ્યવસ્થાની વિરૂધ્ધ હતી. તેઓ યુધ્ધ લડવાનું સામર્થ્ય ધરાવતા હતા પરંતુ કરૂણા અને પ્રેમભાવથી છલોછલ ભરેલા હતા.

શ્રીકૃષ્ણનું ચિત્ત સંપૂર્ણપણે અહિંસક છે છતાં પણ ધર્મની રક્ષા માટે હિંસાને આત્મસાત કરવામાં સંકોચ નથી કરતા. વાસ્તવમાં શ્રી કૃષ્ણની ગોવર્ધન લીલા પ્રકૃતિ અને પર્યાવરણના સંવર્ધનની પ્રતિક છે. વર્તમાન સમયમાં પ્રકૃતિનું શોષણ અને પર્યાવરણની સુરક્ષાને અવગણવાની નાદાનિયતને કારણે ભવિષ્યમાં થનારા વિનાશના સંકેત કસમયની વર્ષા, ભયંકર પૂર, ઋતુઓનો બદલાતો મિજાજ, પહાડી ક્ષેત્રોમાં જબરદસ્ત ભૂસ્ખલનના રૂપમાં સમસ્ત માનવજાતિને આજે મળી રહ્યા છે. કોઈ મહાપુરૂષ હોય કે જનસાધારણ, દરેકે પ્રકૃતિ અને પર્યાવરણના ધર્મને સમજીને આચરણ કરવું પડશે. કૃષ્ણની સમસ્ત લીલાઓની પ્રાસંગિકતા પણ એ જ છે કે દરેક વ્યક્તિ પ્રકૃતિ પ્રતિ પોતાના ધર્મને સમજે અને પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને પર્યાવરણને પ્રદૂષિત કરવાથી બચે.

# ભક્તિ પર્વ શ્રાવણ માસ હવે આખરી ચરણમાં પહોંચ્યું, પર્યુષણ મહાપર્વની ભવ્ય તૈયારી... (પાંચમા પાનેથી ચાલુ)

પુત્રીઓ, માવતર ઘરે ભાઈને ઘરે પસલી મનાવવા આવી હતી. તા.૧૯ ઓગસ્ટ સોમવારે રક્ષાબંધન ઉત્સવ પણ ઉત્સાહભેર ઉજવાયો. તા.૨૬ ઓગસ્ટે સોમવારે કૃષ્ણ જન્મોત્સવની સર્વત્ર ઉજવણી થઈ. આજના દિવસ ગુર્જરમાત પ્રસ્તુત કાલિદાસ સભાગૃહમાં શ્રી કૃષ્ણ લીલા-૨ની ધમાકેદાર પ્રસ્તુતિ હિના ઠક્કર અને સાથી કલાકારો દ્વારા હાઉસફુલ શો દ્વારા થઈ. સતત બીજા વર્ષે શ્રી કૃષ્ણ લીલાનો મહા ઉત્સવ શાનદાર રીતે થયા અને સૌ પ્રેક્ષકો માટે અવિસ્મરણીય બની રહ્યો.

તા.૨૭ ઓગસ્ટ મંગળવારે દહીં કાલા, દહી હંડીની સાર્વજનિક ઉજવણી વિવિધ મંડળો, રાજકીય નેતાઓ દ્વારા દબદબાભેર થઈ. ગોવિંદા પથકો દહી હંડી સુધી પહોંચવા માનવ પિરામીડ રચી પ્રયત્ન કરવા પોતાની બળ બુદ્ધિ સાથે કલા કૌશલ્ય દર્શાવતા જોવા મળ્યા હતા.

આ બધા તહેવારોની સાથે શ્રાવણ માસ હવે અંતિમ ચરણે પહોંચ્યો છે. તા.૨ સપ્ટેમ્બર સોમવારના પાંચમા અને છેલ્લા શ્રાવણ સોમવારના દર્શ અમાવસ્યા સાથે મંગળવારે શ્રાવણ માસની પૂર્ણાહુતિ થશે.

તા.૩૧ ઓગસ્ટ શનિવારથી જૈનોનાં મહાપર્વ પર્યુષણના દિવસોની શરૂઆત થશે. જે તા.૭ સપ્ટેમ્બર શનિવાર સુધી ધર્મ, તપ, ત્યાગ અને ભક્તિ આરાધનાના મંગલ આયોજનોથી જિનાલયો તપોસ્થળ બનશે.

તા.૭ સપ્ટેમ્બર શનિવારના દુ:ખહર્તા, સુખકર્તા, દુંદાળાદેવ ગણપતિજીનું આગમન થશે. ગણરાયાનો સત્કાર કરવા ઘર પરિવારો, બિલ્ડીંગ, સોસાયટીઓ તેમજ સાર્વજનિક ગણેશોત્સવ મંડળો ઉત્કંઠાથી આતુર છે.

# રોટરી ક્લબ ઓફ મુલુંડ તથા ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડ દ્વારા યુનિફોર્મનું વિતરણ






રોટરી ક્લબ ઓફ મુલુંડ તથા ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડ સાથે મળીને મુલુંડ ઈસ્ટની તરૂણ ઉત્કર્ષ શાળામાં ૧૨૦ યુનિફોર્મનું વિતરણ કર્યું હતું. શરૂઆતમાં જ શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ સર્વેનું ફુલગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.

શાળાના નાના બાળકો-બાલિકાઓએ સ્વાગત ગીત ગાઈ સર્વેનું સ્વાગત કર્યું હતું. શાળાના ટ્રસ્ટી ભાલચંદ્ર વૈતીએ સ્વાગત પ્રવચન કર્યું. તેમજ યુનિફોર્મ આપવા બદલ સંસ્થાને ધન્યવાદ આપ્યા હતા. રોટરી ક્લબ ઓફ મુલુંડના પ્રમુખ શ્રીમતી સીમા જોષી, ઈન્નરવ્હીલ ક્લબ ઓફ મુલુંડના પ્રમુખ શ્રીમતી નૂતન ધુલ્લા તેમજ માનનીય રોટેરીયન શરદભાઈ શાહ તથા સર્વે હાજર રહેલ રોટેરીયન ભાઈઓ અને ઈન્નર વ્હીલના સભ્ય બહેનોએ સાથે મળી સર્વે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને યુનિફોર્મ આપ્યા હતાં. રોટરી પ્રમુખ શ્રીમતી સીમા જોષીએ શાળાના ટ્રસ્ટીઓનો, પ્રિન્સીપલ પુષ્પાવતી કામલેનો તેમજ શિક્ષકોનો સાથ સહકાર બદલ અને હાજર રહેલ સર્વે રોટેરીયનનો ઈન્નરવ્હીલ સભ્યોનો તેમજ અનુદાન દેનાર સર્વેનો પણ આભાર માન્યો હતો.

ઉપરોક્ત સમાચાર શ્રીમતી અનુસયાબેન શાહે અખબારી યાદી દ્વારા જણાવેલ છે.






Click Here

# પીનલ રીઅલ્ટીની ચેનલ પાર્ટનર મિટીંગને અદ્દ્ભૂત પ્રતિસાદ મળ્યો





તા. ૨૨ ઓગસ્ટ ગુરૂવારના રોજ પીનલ રીઅલ્ટીની ચેનલ પાર્ટનર (C.P.)ની મિટિંગનું સુંદર આયોજન પ્રમુખ કૃપામાં સવારના ૧૦.૩૦ થી રાત્રે ૯.૦૦ સુધી કરવામાં આવ્યું. ૨૩૦/૨૫૦ ની બહોળી સંખ્યામાં ગ્રાહકોનો પ્રતિસાદ મળ્યો વિઝીટરો તથા બુકીંગનો પણ પોઝિટિવ રિસ્પોન્સ રહ્યો. ધર્મિલ મેહતા, ચંદ્રકાન્ત દાણી તથા તેમની ટીમના વ્યવસ્થિત આયોજનના લીધે આ પ્રોગ્રામ ઉત્સાહ સભર રહ્યો.


**Yogi Hills-Mulund West**
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

**PROPERTY ORGANIZATION**
MAHARERA : A51800020434
BUY, SELL, RENT, LEASE,
REDEVELOPMENT SRA,
HOUSING & PROJECT FINANCE
Prashant Govind Ruparel
91+9892566467/9702444535
Shop No.10, Shree Heramb CHS, Mahatma Phule Road, Mulund (E), Mumbai - 400 081.
propertyorganization@gmail.com
prashantgruparel@gmail.com

**મેડીક્લેઈમ પોલીસી**
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ
પોલીસી ૫ લાખથી ૧ કરોડ
ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ
રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ
સાથે પોર્ટેબીલીટી મળશે.
વધુ વિગત માટે સંપર્ક
દીલીપભાઈ-91366 21227


**Prime Location Devidayal**
Sold Out
~~2 BHK 600 cpt @ 1.40 cr.~~
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
90226 87343
83697 71377

**MARU REAL ESTATE AGENT**
MAHARERA REGN. NO. A51900005359
FOR SALE, PURCHASE AND RENTAL
FLATS, SHOPS, COMMERCIAL OFFICES,
GOODWNS, INDUSTRIAL SHEDS,
PLOTS AND REDEVELOPMENT PROJECTS
Off. 23, Naval Housing Colony,
LBS Marg, Kanjurmarg (W), Mumbai 078.
E-mail:ishah182@gmail.com
ASHOK SHAH : 9321367791

**Real Estate Broker**
For New Site of Prem Group
PREM AJANTA - Mulund (W)
PREM BIMA CHHAYA-Mulund (E)
For 2 BHK & 3 BHK
Contact :
Ajit B. Popat
C/5, Chagpar Khimji Bldg.,
S.L.Road, Opp.Monani Dryfruit
Above Centre Point
Mulund (West), Mumbai - 80.
Mob.9136506501
No Brokerage

**FRIENDS' ACADEMY**
Affiliated To CISCE
ISO 9001 : 2015
Managed by Friends' Co-op. Edn. Soc. Charity Trust
Smt. Ratanben Lalji Centre For Excellence
554 / D, L.B.S. Marg, Mulund (W), Mumbai - 400 080.
Phone No.: 022 - 25672219 / 8591224288 • E-mail : info@friendsacademy.in
58 Glorious Years of Excellence
A Legacy of 100% Results in Board Exams since inception
WE ARE HIRING!
JOIN OUR SCHOOL
Preprimary Co-ordinator
Graduate with ECCEd/B.Ed. Min 4-5 years experience of heading preprimary section
Primary Co-ordinator
Graduate with B.Ed. Min 5-7 years experience of heading primary section in an ICSE School
Counselor
Appropriate Qualification & Experience
Accountant
Appropriate Qualification & Experience in finance
APPLY NOW
85912 24288 info@friendsacademy.in www.friendsacademy.in

**MARWAD LIBAS**
Dalmia's Marwad Exhibitions
Ganpati & Paryushan Shopping Exhibition
Thane Mulund Num-1- Special Exhibition Is Back

31 & 01
SATURDAY AUG
SUNDAY SEPT
Timing: 11am to 8pm
TIP-TOP-PLAZA
Near Teen Hath Naka Thane (W)
CABIN SHOW
LBS. MARG OPP RAHEJA GRADEN

VALET PARKING / FREE ENTRY | dalmia's_exhibitions
Asha Dalmia: 9820033692 | 9833215943



Click Here

## બદલાપુરની સ્કૂલમાં થયેલા જાતીય શોષણના વિરોધમાં મુલુંડ શિવસેનાનું ઉગ્ર આંદોલન



બદલાપુરની એક સ્કૂલમાં બે બાળકીઓના જાતીય શોષણના વિરોધમાં મુલુંડ શિવસેના શાખા ૧૦૪ અને ૧૦૬ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ આંદોલન મુલુંડ (વે) એમ.જી. રોડથી શરૂ કરીને મુલુંડ (પૂર્વ) સુધી પહોંચ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શિવસૈનિકો, પદાધિકારીઓ તથા અન્ય ટેકેદારો જોડાયા હતા. શિવસેના પદાધિકારી સીતારામ ખાડેકર, દિનેશ જાધવ, નીતિન ચવરે, વેંકટેશ એયરના નેતૃત્વ હેઠળ વિરોધ આંદોલન સફળતાપૂર્વક પાર પડ્યું હતું. આંદોલનકારીઓએ આ મામલો ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવે અને આરોપીને કડક સજા આપવાની માંગ કરી હતી સૂત્ર-નારા લગાવ્યા હતા.

## લોકપાલ અજય ખાનવિલકર સાથે મુલુંડના અગ્રણી સમાજસેવક પંકજભાઈ છેડા



અગ્રણી ધારાશાસ્ત્રી એડવોકેટ, સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ તેમજ હાલમાં લોકપાલ તરીકે નિયુક્ત થયેલા અજય ખાનવિલકરને તાજેતરમાં અગ્રણી સમાજસેવક પંકજભાઈ છેડા તેમને મળ્યા હતા એ પ્રસંગે લોકપાલ અજય ખાનવિલકર સાથે પંકજભાઈ છેડા તસવીરમાં જણાય છે.

અત્રે યાદ આપવું ઘટે કે લોકપાલ એ બંધારણીય ઉચ્ચ હોદ્દો છે લોકપાલની નિમણૂંક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા થાય છે. કેન્દ્રમાં લોકપાલ અને રાજ્યમાં આવો હોદ્દો ધરાવનાર લોકાયુક્ત તરીકે ઓળખાય છે. લોકપાલ એક સ્વતંત્ર બંધારણીય સંસ્થા છે અને તેઓ વડાપ્રધાન, પ્રધાનો, તેમજ સંસદસભ્ય સહિતના રાજકારણીઓ તેમજ સરકારી અધિકારીઓ વિરૂદ્ધની લાંચ રૂશ્વતની ફરિયાદ અંગે તપાસ કરી શકે છે.






## સંગિની ફોરમ મુલુંડ ઓલ ઈંડિયા સ્તરે લગાતાર પાંચમો ગોલ્ડ મેડલ જીતીને પ્રથમ સ્થાને





સંગિની ફોરમ મુલુંડ લાગલગાટ પાંચમો Eminence Gold Medal જીતીને જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન માં માનનીય સ્થાન મેળવ્યું છે. સરસ ટીમ વર્ક તેમજ મેમ્બર્સના સાથ સહકાર અને સફળતાની આગેકૂચમાં સંગિની ફોરમ આ ઉપલબ્ધિ હાંસલ કરી શકી છે. તેમ સંગિની પ્રેસિડેન્ટ હિનાબેન પારેખે જણાવ્યુ. સંગિની ફોરમ મુલુંડે દરેક મેમ્બર્સ સાથે મળીને ફેડરેશન ડેની ઉત્સાહ ભેર ઉજવણી કરી જેમાં અનસુયાબેન રમણીકભાઈ શાહ ઉપસ્થિત હતા.








Click Here

# ANNUAL SALE

Manoranjan®

SINCE 1960

UPTO **50%*** OFF

- Sarees
- Chanya Choli - Churidaar
- Designer Lehenga's
- Kurtis - Tunics
- Party Gowns
- Dress Material

6000 sq.ft. Ethnic Collection*

**CALL: 90815 75859**

Paanch Rasta, Mulund (West)

Thursday's Open During Sale

*T&C Apply

Click Here


ગુર્જરમાત

## ફેડરેશન ઓફ એસોસિએશન ઓફ મહારાષ્ટ્ર (ફામ)ના પ્રમુખ મોહન ગુરનાની પંકજ છેડાએ શુભેચ્છા મુલાકાત લીધી



ફેડરેશન ઓફ એસોસિએશન ઓફ મહારાષ્ટ્ર (એફએએમ-ફામ)ના પ્રમુખ તેમજ એપીએમસી માર્કેટમાં 'સાકર સમ્રાટ' તરીકે એક સમયે જાણીતા સાકર બજારના કિંગ મોહન ગુરનાનીને મુલુંડના સમાજસેવક પંકજભાઈ છેડા મળ્યા હતા. અત્રે નોંધવું જરૂરી છે કે પંકજભાઈના પિતાશ્રી પણ એક સમયે એપીએમસી માર્કેટમાં અનાજ, કઠોળ, સાકરના અગ્રણી કમિશન એજન્ટ હતા.

## રાધાકૃષ્ણ મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી





શ્રાવણ વદ સોમવાર તા.૨૬ ઓગસ્ટના મધ રાતના દર વર્ષની જેમ આ વર્ષે પણ રાધા કૃષ્ણ મંદિર ઝવેર રોડ મુલુંડ મુંબઈ સ્થિત શ્રી પ્રકાશ મહારાજ અને જીગર પંડયા દ્વારા શ્રી કૃષ્ણ બાલ ગોપાલનું જન્મ ઉત્સવ જન્માષ્ટમી ભજન કીર્તન પ્રસાદ નું આયોજન અને સુંદર એવું હરિ હર થીમનું ડેકોરેશન શૃંગાર શ્રાવણનું સોમવાર એ રૂદ્ર અભિષેકનું આયોજન કરવામાં આવ્યું.

દર વર્ષે મંદિરમાં જન્માષ્ટમી, રામ નવમી, છપનભોગ, તુલસી વિવાહ, હર એકાદશીના ભજન કીર્તન જેવા અનેક કાર્યક્રમ થાય છે સાથે દરેક ધાર્મિક પૂજા લગ્ન વિધિ વાસ્તુ શાંતિ કથા લઘુરૂદ્ર જેવા શુભ કાર્યો કરી આપવામાં આવે છે.

દરેક ભક્તો શૃંગારનું દર્શનનો લાભ તા.30 ઓગસ્ટ સુધી કરી શકશે સાથે દર રોજ સવારે ૮ થી ૧૨ અને સાંજે ૫ થી ૯ સુધી દર્શનનો લાભ લઇ શકે છે

પ્રકાશ મહારાજ ૯૮૯૨૬૧૮૫૮૫, જીગર મહારાજ ૯૬૧૯૩૨૧૩૨૧.

Follow us on
/gurjarmat
Website :
www.gurjarmat.com

8879753249 / 9323953249
Roxy
Since 1967
ISO 9001 : 2015 certified
LIBRARY
PRESERVING THE HABIT OF READING
Just Pay Rs. 500/-
Read as many Books as you want*
Shop No. 21, Trivrdi Tower, J. N. Road, Station Road, Mulund (West), Mumbai - 400 080.
Follow On Instagram
@roxytoylib @roxybooksandlibrary
** Our Branches Mulund / Thane / Dadar







Click Here

# મુલુંડમાં દહીહંડીની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ



પૂર્વ સાંસદ મનોજ કોટક દ્વારા દહી હંડી



પૂર્વ નગરસેવિકા સમિતા કાંબલે દ્વારા મહિલા દહી હંડી

## ડો.જય ગોયલનું મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે સન્માન

આંખના વરિષ્ઠ સર્જન અને મુલુંડની પ્રખ્યાત સૂર્યા આઈ હોસ્પિટલના ડિરેક્ટર ડો. જય ગોયલને આંખની સંભાળમાં શ્રેષ્ઠ યોગદાન માટે પ્રતિષ્ઠિત લોકશાહી આરોગ્ય રતન સન્માન ૨૦૨૪ એનાયત કરવામાં આવ્યું છે. મુંબઈમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના હસ્તે આ પ્રતિષ્ઠિત એવોર્ડ ડો. જય ગોયલને અર્પણ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ઉદ્યોગ મંત્રી ઉદય સામંત, શિક્ષણ મંત્રી દીપક કેસરકર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આભાર વ્યક્ત કરતાં ડો. ગોયલે જણાવ્યું હતું કે, ''લોકશાહી આરોગ્ય રતન સન્માન ૨૦૨૪ પ્રાપ્ત કરવા બદલ હું ખૂબ જ ગૌરવ અનુભવું છું. આ પ્રતિષ્ઠિત એવોર્ડ મને આપવા માટે હું મુખ્યમંત્રી એકનાથ શિંદે અને મહારાષ્ટ્ર સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ પુરસ્કાર સૂર્યા આંખની હોસ્પિટલની ટીમના સામૂહિક પ્રયાસો અને આંખની સંભાળના ક્ષેત્રને મહારાષ્ટ્ર



અને તેનાથી પણ આગળ વધારવા માટેની અમારી અતૂટ પ્રતિબદ્ધતા માટે એક મહત્વનો માઈલસ્ટોન છે.''

ડો. ગોયલે વધુમાં જણાવ્યું હતું કે, ''સૂર્યા આંખની હોસ્પિટલમાં અમારૂં મિશન હંમેશા આંખની શ્રેષ્ઠતમ સંભાળ પૂરી પાડવાનું અને તેના દ્વારા અમારા દર્દીઓના જીવન પર હકારાત્મક અસર કરવાનું રહ્યું છે. આ પુરસ્કાર આંખની શસ્ત્રક્રિયાના ક્ષેત્રમાં અમારા સમર્પણની પુનઃ પુષ્ટિ કરે છે,અને અમે જરૂરિયાતમંદોને આંખની સંભાળનું ઉચ્ચતમ ધોરણ પહોંચાડવામાં શ્રેષ્ઠતા જાળવવા માટે પ્રયત્ન કરવાનું ચાલુ રાખશું.''


જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549



સમોસા
• ફ્રોઝન
• ફ્રાઈડ
• આચારી
• ચાઈનીઝ
• નુડલ્સ
• સેજવાન
• પંજાબી
• પીત્ઝા
વેરાયટીમાં મળશે
જૈન સમોસા મળશે
Kinjal
હોલસેલમાં મળશે
વાર-તહેવાર માટે ખાસ
કિંજલ ફૂડ
9221506127
વેપારી પુછપરછ આવકાર્ય
www.kinjalfood.com


# ધારાસભ્ય મિહિર કોટેચા ગોવિંદા પથકો સાથે સંવાદ કર્યો
# તેમને વીમો, લંચ અને ટી શર્ટની ભેટ આપી





ગોવિંદા જૂથોએ મુંબઈને વૈશ્વિક ઓળખ અપાવી છે. મહાયુતિ સરકારે દહીં હાંડી ઉત્સવને રમતનો દરજ્જો આપીને ગોવિંદાઓનું સન્માન અને સન્માન વધાર્યું છે. તેમના કલ્યાણ માટે કંઈક કરવાની ઈચ્છા રાખી ધારાસભ્ય મિહિર કોટેચાએ મુલુંડ પશ્ચિમમાં, દયાનંદ વૈદિક બેન્કવેટ હોલમાં, ગોવિંદા જૂથો સાથે તેમની સમસ્યાઓ સમજવા માટે સંવાદ યોજ્યો હતો.

ગોવિંદા પથક પરંપરાને જાળવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે, અને તેમની કાળજી લેવાની નૈતિક જવાબદારી સમજીને ગોવિંદાઓ માટે મફત વીમો, લંચ અને ટી-શર્ટની વ્યવસ્થા મુલુંડના વિધાન સભ્ય શ્રી મિહિર કોટેચા તરફથી કરવામાં આવી છે.






|| શ્રી ગણેશાય નમઃ ||
ગણપતિ બાપ્પા આપનો તહેવાર આવ્યો
गणपती बाप्पा मोरया
સાથે સાથે બધા મહેમાનોને પણ બોલાવ્યા છે તો અમે હાજર છીએ
આપ સર્વેને ગણેશોત્સવની હાર્દિક શુભકામનાઓ
ફ્રી હોમ ડિલીવરી મુલુંડ
હોલસેલ ભાવમાં ખાસ
200 ML પાણી તેમજ 200 ML કોલડ્રીન્સ અને જ્યુસ જેવા ઘણા પ્રોડકટ મળશે
જય માતાજી એન્ટરપ્રાઈસેસ
ગાલા નં.૩૪, જમનાદાસ ઈન્ડસ્ટ્રીય એસ્ટેટ, જવાહર ટોકીઝની સામે ડો. આર.પી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૮૦.
Authorised Distributor Of
Cloud9 BEVERAGES
FEEL THE VIBE
CONTACT FOR TRADE ENQUIRY:
9082611919


Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજીસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૨૮ ઓગસ્ટ - ૩ સપ્ટેમ્બર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** ભવિષ્યમાં કોઈક તબક્કે સત્તાશાહી અભિગમ જીવનસાથી સાથે મતભેદ ઊભા કરી શકે છે. તમારા પ્રિયજન ભાવુક છે અને તેમનું વર્તન પડકારરૂપ લાગશે. તમારી સમજદારી પર ભરોસો રાખી હાલના ભાવનાત્મક મુદ્દાનો સામનો કરો. શાંતિથી અને સ્પષ્ટતાપૂર્વક તમારા વિચારો વ્યક્ત કરો એવી મારી સલાહ છે. ધીરજ રાખશો અને સમય પસાર થઈ જાય ત્યાં સુધી રાહ જોશો તો ફાયદો અવશ્ય થશે. પ્રોપર્ટીની સમસ્યા, ઘર કે પરિવારના કોઈ યુવાન સભ્ય અલગ થવા ઈચ્છી રહ્યા છે એ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. **સ્ત્રીવર્ગ માટે :** નુકસાનની શક્યતા છે. કીમતી જણસ અને પૈસાની બાબતમાં વધુ સાવધ રહેજો.

**વૃષભ (બ,વ,ઉ) :** વર્તમાનમાં જીવશો તો સમયને પારખવાની શક્તિનો તમે લાભ ઊઠાવી શકશો. એના કારણે તમારામાં રહેલી છૂપી શક્તિઓને ઓળખી શકશો એમ દેખાય છે. ભૂતકાળમાં ખોવાયેલા રહેવાને બદલે ભવિષ્ય તરફ મીટ માંડો એવી મારી ખાસ સલાહ છે. વિશ્વાસુ લોકો સાથે વિચારોની આપ-લે કરવાથી મંત્રણામાં ફાયદો થશે. હાલ માત્ર વાતો કરવાને બદલે નિર્ણાયક પગલા લેશો તો અસરકારક પરિણામ મળી રહેશે. અન્ય લોકો ભલે ગમે એ કહે, પણ જીવનસાથી પર ભરોસો રાખો. શંકાશીલ સ્વભાવ હાલ કામ નહી લાગે, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** વધુ અભ્યાસની તમારી ઈચ્છા પૂર્ણ કરવા આગળ વધો.

**મિથુન (ક,છ,ઘ) :** ઈશ્વરે જે કંઈ આપ્યું છે એ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનવાનો સમય છે. ભૂતકાળના કર્મો તમને ભવિષ્ય તરફ દોરી જશે એમ દેખાય છે. આત્મનિરીક્ષણના નવા અભિગમ સાથે આવતી કાલ તરફ મીટ માંડો એવી મારી સલાહ છે. આ સમયે ભારે કામગીરી બજાવવી પડશે અને પરિણામે તાણ દૂર કરવા પ્રયાસો કરવા પડશે. રોજ એકાદ-બે જરૂરી કામો જ હાથ પર લો. એ રીતે કાર્યો પાર પાડી શકશો અને તમારો ઉત્સાહ પણ જળવાશે. ભાઈ, બહેન કે સંતાનને અચાનક પ્રસિધ્ધિ મળશે. **સ્ત્રીવર્ગ માટે :** જેમના પ્રત્યે પ્રેમ હોય એ વ્યક્તિને તમારી સંવેદનશીલતાનો પરિચય કરાવો.

**કર્ક (ડ,હ) :** દુનિયા તમારા વિશે શું વિચારે છે એની ચિંતા કર્યા વિના તમારામાં મસ્ત દેખાઈ રહ્યા છો. હમણા-હમણા તમે થોડા આળસુ પણ થઈ ગયા છો. બિઝનેસમાં થોડા સમયની નિષ્ક્રિયતા પછી ફરી કામ મળવા લાગતા મન પ્રસન્ન બનશે. અત્યાર સુધી ઈશ્વરમાં શ્રધ્ધા રાખીને ધીરજ ધરી હતી એનું હવે ફળ મળવા લાગશે એમ જણાય છે. પરિવારનો એક યુવાન સભ્ય સહેજ મૂંઝાયેલો છે. એની સાથે નાજુકાઈથી અને કુનેહથી વર્તજો એવી મારી સલાહ છે. છેલ્લા કેટલાક સમયથી જે પ્રોપર્ટી વેચવાનો પ્રયાસ કરી રહ્યા હતા એ હવે વેચાઈ જશે. **સ્ત્રીવર્ગ માટે :** એકાદ રસપ્રદ વ્યક્તિ સાથે મુલાકાત થવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :** થોડો સમય એક તરફ બેસી આગામી રણનીતિ પર વિચાર કરવાનો સમય છે. હાલ તમને સખત મહેનત કરવી પડશે. ખાસ તો જે કાર્ય કરો એ શ્રેષ્ઠ કરવાનો પ્રયાસ કરજો. દેશની અંદરનો એક નાનકડો પ્રવાસ નસીબને ચમકાવી શકે છે. શેરબઝારમાં ઈન્વેસ્ટમેંટનું પ્લાનિંગ કરતા હો તો કાળજી રાખવાની સલાહ છે. વાહન ચલાવતી વખતે ઈજા થવાની શક્યતા છે. નોકરીમાં સ્પર્ધાત્મક વાતાવરણ ઊભુ થયું છે એનાથી તમને જ લાભ થવાનો છે. એવા સંકેત મળે છે કે પગારમાં વધારો થશે. **સ્ત્રીવર્ગ માટે :** તમે જૂના વિચારોને વળગી રહેશો તો શાંતિ માણી શકશો એમ જણાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :** અત્યાર સુધીના કપરા સમયમાં તમારી ધીરજની કસોટી ઘણી થઈ છે. જીવનમાં મહત્વનો વળાંક આવી રહ્યો છે. એક સાથે ઘણા બધા પરિવર્તનો આકાર લઈ રહ્યા છે ત્યારે પ્રિયજન માટે પણ સમય કાઢતા રહેજો. તમારૂં જીવન સરળતાથી આગળ વધારવામાં તેમનો સિંહફાળો છે એ ભૂલશો નહિ. એક મિની બ્રેક લઈ નજીકમાં છુટ્ટી મનાવી આવો. પાછા ફરશો ત્યારે આર્થિક બાબત વિશે એક શુભ સમાચાર અવશ્ય મળશે એમ દેખાય છે. અચાનક લોન કે વારસો મળતા આર્થિક મુશ્કેલી દૂર થઈ જશે. તબિયતનો ખ્યાલ રાખો. પૂરતી ઊંઘ, સત્વવાળો ખોરાક અને કસરત કરતા રહો એવી મારી સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** અનાવશ્યક ખર્ચ ટાળો.

**તુલા (ર,ત) :** તમારા ભવિષ્યના પ્લાન વિશે સહેજ ગુપ્તતા રાખવાનો સમય છે. ઘરમાં કોઈ વ્યક્તિ પોતાનો જ કક્કો ખરો કરવા માગતી હોય તો તેની સાથે જીભાજોડી કરવાથી અળગા રહો. અત્યાર સુધી તમે મેળવેલી સિધ્ધિ અને કરેલા કામોનું સરવૈયું કાઢવાથી ભવિષ્યની સ્પષ્ટ દિશા મળી રહેશે એમ દેખાય છે. આર્થિક દશામાં સુધારાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે, પરંતુ હાલ તમે કોઈ નવું કામ કરતા પહેલા એના પરિણામોનો અવશ્ય વિચાર કરી લેજો એવી મારી સલાહ છે. પોતાનો વ્યવસાય હોય તો લોન માટે અરજી કરી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** હાલમાં જ કોઈ ચાહિતી વ્યક્તિને મળ્યા હો તો એની સાથે ફરી મુલાકાત થવાની સંભાવના છે.

**વૃશ્ચિક (ન,ય) :** તમે સાચી લાગણીઓને પ્રામાણિક્તાથી વ્યક્ત કરવામાં માનો છો. જોકે હાલ તમારા પ્લાન અને વિચારો તમારા પૂરતા સીમિત રાખો એવી મારી સલાહ છે. સંબંધો બાબત તેમજ કામકાજની દિશામાં મહત્વના નિર્ણયો લેવા માટે તૈયાર રહેવું પડશે. તમારી આંતરિક સૂઝ અને સહજવૃત્તિ પર વિશ્વાસ રાખીને આગળ વધો. જીવનમાં પરિવારજનો અને મિત્રોનું બેશક મહત્વ છે અને તમારી તેઓ ફિકર કરે એ પણ સ્વાભાવિક છે, પરંતુ એક વાત યાદ રાખો કે સલાહ બધાની કાને ધરો, પણ આગળ વધવા માટે પોતાનું જ મગજ દોડાવો, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** આરોગ્યપ્રદ ખોરાક લઈને તંદુરસ્તીની કાળજી લો.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** એકાદ નાની માંદગીમાંથી બેઠા થયા છો અને હવે તમને ઘણુ સારું લાગી રહ્યું હશે. શું ખાવુ અને શું ન ખાવું એ વિશે ચીવટાઈ રાખવાનો સમય છે. આ સમયે ફરી કામ પર ચડી જવા તૈયારી કરો એવી મારી સલાહ છે. તમારામાં બુધ્ધિપ્રતિભા, રચનાત્મક વિચારો, વ્યવહારૂ અભિગમ અને લાગણીને સમતોલ રાખવાના ગુણનો સમન્વય થયો છે. મન પર અંકુશ રાખીને અને કલ્પનાશીલતાથી કામ કરવાથી સ્વપ્નો અને મહત્વકાંક્ષા સાકાર થશે એમ દેખાય છે. બિઝનેસનો નવો વિચાર વહેતો મૂકવા માટે યોગ્ય સમય છે. **સ્ત્રીવર્ગ માટે :** નિકટના સંબંધો નવેસરથી બાંધવાની અને દ્રઢ બનાવવાની તક મળશે.

**મકર (ખ,જ) :** તમે સતત કામમાં રોકાયેલા રહો છો અને નજીકના ભવિષ્યમાં ફુરસદ મળે એવા સંજોગો દેખાતા નથી. તમે જીવનના અત્યંત સંતોષજનક અને સર્જનાત્મક તબક્કામાં પ્રવેશી ચૂક્યા છો. આ સમય દરમ્યાન સ્પર્ધાત્મક શક્તિમાં વધારો થશે. તમારી જબરજસ્ત ઈચ્છાશક્તિને જાગૃત કરો અને કેવળ તમારા લક્ષ્ય પર નજર રાખી આગળ વધો એવી મારી સલાહ છે. વારસો મળવાથી કે પ્રોપર્ટી મળવાથી સમાંતર આવક શરૂ થવાની શક્યતા છે. લાંબા પ્રવાસે નીકળતા અગાઊ વાહન ટોપ કંડિશનમાં હોય એની કાળજી લેજો. **સ્ત્રીવર્ગ માટે :** સુષુપ્ત મનમાં રહેલી વાત હવે જાગ્રત મનની સપાટી પર આવશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** તમારૂં લક્ષ્ય અને મહત્વકાંક્ષા તમે સમજી ચુક્યા છો. ઈશ્વરીય સંકેતો સામે શંકા કર્યા વિના પ્રવાહ સાથ આગળ વધતા રહો. સંજોગોની ઊજળી બાજુને ધ્યાનમાં લેવા પ્રયાસ કરશો તો તમને ઊતારી પાડવા ઘડાઈ રહેલા છૂપા કારસ્તાનો અટકાવી શકશો એમ દેખાય છે. કામકાજ સંબંધી શહેર બહાર પ્રવાસની વાતથી તમે ફરી જુસ્સામાં આવી જશો. ઓફિસમાં તમારી કાબેલિયત પુરવાર કરવા સ્પર્ધાનો સામનો કરવો પડશે. સંપૂર્ણ આત્મનિર્ભર અને સ્વતંત્ર બનવાનો પ્રયાસ કરો એવી મારી ખાસ સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** ખૂબ પ્રેમ કરતા હો તેના વિશે નિર્ણય બાંધવામાં ઊતાવળ ન કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમે અત્યંત ગતિશીલ મૂડમાં છો, પરંતુ નકારાત્મક પરિસ્થિતિને કારણે તમે પ્રગતિમાં અવરોધ સહન કરી નથી શકતા એમ દેખાય છે. જીવનના કેટલાક ક્ષેત્રોમાં ભાવનાત્મક મૂંઝવણની સ્થિતિ ઊભી થવાની સંભાવના છે. લાગણીશીલતામાં ખેંચાઈ ન જાઓ. શાંત મન રાખીને વિચાર કરશો તો પરિસ્થિતિનો આસાનીથી સામનો કરી શકશો એ નક્કી છે. જીવનસાથી પ્રત્યે વધુ સમજદારીથી વર્તવાનો પ્રયાસ કરો પરિણામે દાંપત્યજીવનના સંબંધો વધુ દ્રઢ બનશે. પરિવારમાં નવા વ્યક્તિના આગમનની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** આતિથ્ય પાછળ ખર્ચ થશે.

## શ્રી નારાયણ સેવા મંડળના નૂતન દવાખાનાનું લોકાર્પણ ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસ દ્વારા કરાશે

તા.૧ સપ્ટેમ્બર રવિવારના બપોરે ૬ કલાકે એચ.એસ.સ્પ્રિંગ, ઓફિસ નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, નવઘર રોડ, મુલુંડ પૂર્વ મધે માનવ સેવા એજ પ્રભુના પવિત્ર મંત્રને છેલ્લાં છ દાયકાથી ચરિતાર્થ કરતી સેવા સંસ્થા શ્રી નારાયણ સેવા મંડળના (જીવન જ્યોત કેન્સર કેઅર રીલીફ ટ્રસ્ટના સૌજન્યથી) નવા દવાખાનાનું લોકાપર્ણ ભાગવતાચાર્ય પ.પૂ.શરદભાઈ વ્યાસ, પૂ.શ્રી દાદાના આશિર્વાદ ભર્યા હસ્તે થશે. દવાખાનાના ઉદ્દઘાટન પૂર્વે બપોરે ૪ કલાકે શ્રી રણછોડ સત્સંગ મંડળ ઘાટકોપર દ્વારા ભજન-કીર્તન-આખ્યાનનો ધર્મભાવ સાથે પ્રસ્તુતિ થશે.

આ સેવા પ્રકલ્પને આશિર્વાદ શુભેચ્છા આપવા (ભેટ-ફૂલ ગુલદસ્તો ન સ્વિકારવા બદલ ક્ષમા) પધારવાનું આમંત્રણ મંડળ પ્રમુખ ઈન્દ્રવદન મોરજરીયા, માનદ મંત્રી કુ. ઈન્દિરા વીરા તથા સહમંત્રી હર્ષિત યાજ્ઞિક દ્વારા અપાયું છે.

## પર્વ પર્યુષણ આવ્યો રે



મારા વ્હાલા શ્રાવક અને વ્હાલી શ્રાવિકાઓ કેમ છો? બધા મજામાં? તમને બધાને ખબર જ હશે કે હું તમારી બધાની પાસે આવી રહ્યો છું. એમ તો દર વર્ષ આવું છું મને સૌ પર્યુષણ કહે છે. આપણું મન અણહારી પદમા નહી પણ ક્યારે પારણું કરીએ એવું મનમાં હોય છે. આપણે પ્રતિક્રમણ તો કરીએ છીએ પણ પુરા થવાની રાહ જોતા હોઈએ છીએ. વ્યાખ્યાનમાં જઈએ છીએ પણ ઘણી વાર જીવ બીજા ઠેકાણે ભટકતો હોય છે. ફંડની રકમ લખાવીએ છીએ પણ લખાવા ટાઈમે હાથ વળી જાય છે. જેને મિચ્છામિ દુક્કડમ કરવાનું હોય તેને ન કરીએ ને બસ. મેં બધાને મિચ્છામિ દુક્કડમ પર્યુષણ પહેલા જ કરી લીધું. મોબાઈલમાં વીડિયો નાખીને તપ કરીએ પણ મન ઘણીવાર ક્રોધિત થઈ જાય છે. સમતા નથી રાખી શકતા. તપસ્યા નાની મોટી બધા કરતા હોય પણ ઘણા લોકો નથી કરી શકતા. આપણું મન કહે મારી પાસેથી તપસ્યા નથી થતી તો કોઈને સમતા ભાવ રાખી કોઈને આડા ન આવી એ હર જીવ સુખ શાંતામાં રહે એવું ભાવ વિચારીએ તો પણ તપસ્યા છે જ. તો ચાલો બધા ભેગા થઈ આપણે સ્વાગત કરીએ મહાપર્વ પર્યુષણનું.

વેરનું વિસર્જનનો મેડીશન અને આધ્યાત્મિક મેડિટેશન એટલે પર્વ પર્યુષણ.

ચાલો અંતરના ઉલ્લાસથી અને સારા ભાવથી પર્વ પર્યુષણને વધાવીએ વધાવીએ વધાવીએ.

બધાને મારા મિચ્છામિ દુક્કડમ.

- જસ્મીન જયંત છેડા

**જ્યોતિષશાસ્ત્ર**

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)

મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

Click Here

# નવભારત નૂતન વિદ્યાલયમાં રક્ષાબંધન અને ગુજરાતી દિવસની ઉજવણી કરાઈ



નવભારત નૂતન વિદ્યાલયમાં તા. ૧૭ ઓગસ્ટના રોજ શાળામાં ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમમાં રક્ષાબંધન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ રાખડી બનાવવાની તેમજ ગિફ્ટ રેપિંગ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓએ વિવિધ રંગો અને વસ્તુઓનો ઉપયોગ કરીને સુંદર રાખડીઓ બનાવી. શાળામાં વિવિધ ઉપક્રમોના સંદર્ભમાં રોટરી ક્લબ તરફથી ધોરણ નવ ના વિદ્યાર્થીઓ માટે ઇન્ટરેક્ટ ક્લબની સ્થાપના કરવામાં આવી.

આ પ્રસંગે ડાયરેક્ટર ઓફ યુથ સર્વિસ રોટેરીયન મમતા નકમન, રોટરી ક્લબ પ્રેસિડન્ટ રોટેરીયન સાચુ રામલિંગમ તેમજ એક્સ રોટેરિયન કરણ નીમાએ સક્રિય ભાગ લીધો. ગત વર્ષના ઇન્ટરેક્ટ ક્લબના સેક્રેટરીએ આ પ્રસંગે ગત વર્ષ દરમિયાન ક્લબ દ્વારા થયેલી વિવિધ સમાજ સેવાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો. તેમજ આ વર્ષ માટે સેક્રેટરી અને પ્રેસિડેન્ટની નિયુક્તિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી માધ્યમના શિક્ષિકા કુલપ્રીત મેડમે કર્યું.

તા. ૨૨ ઓગસ્ટના રોજ શાળામાં ગુજરાતી માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. શાળાના ગુજરાતી વિષય શિક્ષકો શ્રીમતી કલ્પનાબેન પંચાલ તેમજ શ્રીમતી અનિતાબેન ઠક્કરે વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ જણાવ્યું. આ ઉજવણીના ભાગરૂપે શાળામાં સુંદર લેખન વતૃત્વ સ્પર્ધા તેમજ વાર્તા કથન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું બધા વિદ્યાર્થીઓએ તેમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ પ્રસંગે ગુજરાતી માધ્યમના સુપરવાઇઝર શ્રી તેજલ નાયક તેમજ અંગ્રેજી માધ્યમના સુપરવાઇઝર શ્રીમતી સ્વપનાલી સાલવી તેમજ બધા શિક્ષકોએ ઉત્કૃષ્ટ કૃતિઓને પ્રોત્સાહન આપ્યું.

શાળામાં યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓને પ્રિન્સિપાલ શ્રીમતી હેમાલીબેન ગાલાએ બિરદાવી તેમજ બધાને ગુજરાતી માતૃભાષા દિવસની શુભેચ્છાઓ આપી. આમ શાળામાં રક્ષાબંધન તેમજ ગુજરાતી માતૃભાષા દિવસની ખૂબ જ રંગે ચંગે ઉજવણી થઈ અને ઇન્ટરેક્ટ ક્લબની સ્થાપના

## હાઈપોથાઈરોઈડિઝમ અને તેનું મેનેજમેન્ટ




હાઇપોથાઇરોડિઝમ એ એક એવી પરિસ્થિતિ છે કે જ્યારે શરીરની થાઇરોઇડ ગ્રંથિ પર્યાપ્ત પ્રમાણમાં થાઇરોઇડ હોર્મોન્સ ઉત્પન્ન કરતી નથી ત્યારે ઊભી થાય છે. એકવાર ડોક્ટર દ્વારા તબીબી તપાસ અને રક્ત પરીક્ષણો પછી હાઇપોથાઇરોડિઝમનું નિદાન થઈ જાય, ત્યારબાદ થાઇરોઇડ હોર્મોન્સના નીચા સ્તરને પ્રમાણસર બનાવવા માટેથાઇરોઇડની દવાઓ શરૂ કરી શકાય છે. તેને સિન્થેટિક થાઇરોઇડ હોર્મોન પણ કહેવામાં આવે છે

તમારી થાઇરોઇડ ગ્રંથિ તેની શ્રેષ્ઠ ક્ષમતાથી કાર્ય કરે છે તેની ખાતરી કરવા માટે અહીં કેટલીક ટિપ્સ આપી છે:

૧. હંમેશા આયોડીનયુક્ત મીઠાનો ઉપયોગ કરો.

૨. કોબી, કોબીજ, બ્રોકોલી, અળસી (ફ્લેક્સસીડ્સ), અખરોટ, સોયા અને સોયા ઉત્પાદનો, રાંધેલા સ્વરૂપમાં ખાઈ શકાય છે.

૩. હંમેશા પૂરતા પ્રમાણમાં પાણી પીઓ. ડીહાઈડ્રેશનથી બચો.

૪. અખરોટ, સોયાબીનનો લોટ, કેલ્શિયમ, આયર્ન સપ્લીમેન્ટ્સ અથવા આયર્ન ધરાવતા મલ્ટીવિટામિન્સ, કેલ્શિયમ સપ્લીમેન્ટ્સ, એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ અથવા કેલ્શિયમ ધરાવતા એન્ટાસિડ્સ, કોલેસ્ટ્રોલ ઘટાડતી કેટલીક દવાઓ જેમ કે કોલેસ્ટાયરામીન અને કોલેસ્ટીપોલ ધરાવતી દવાઓ લેવાનું ટાળો. આ ખાદ્ય પદાર્થો અને સપ્લીમેન્ટ્સ શરીરમાં થાઇરોઇડ દવાઓના શોષણ (absorption)માં દખલ કરી શકે છે. થાઇરોઇડની દવા અને આ ખાદ્ય પદાર્થો ખાવા વચ્ચે ૪ કલાકનું અંતર રાખવાની ભલામણ કરવામાં આવે છે.

૫. નિયમિત શારીરિક પ્રવૃત્તિ કરવી અને દરરોજ ૩૦થી ૪૫ મિનિટ ચાલવું.

૬. ખોરાકમાં પ્રોટીન, આખા અનાજ અને સેલેનિયમથી ભરપૂર ખોરાક જેમ કે લીલા ચણા, સૂકા વટાણા, બ્રાઝિલ નટ્સ, આખા ઈંડા અને ગુલમખબલ (amaranth) પૂરતા પ્રમાણમાં લેવા

પિંક સોલ્ટ, બ્લેક સોલ્ટ કે સેંધા નમકમાંથી શું વધારે સારું?

બધા મીઠામાં સોડિયમની માત્રા સમાન હોય છે. ખનિજ તત્વો માત્ર બે ટકા જેટલા ઓછા છે એટલો જ તફાવત છે, જે આપણે સંતુલિત આહારમાંથી સરળતાથી મેળવી શકીએ છીએ.


# SHREE PRAGATI FOUNDATION

**Junction of Valaji Ladha Road & Ganesh Gawde Road, Mulund (West), Mumbai - 80.**

## Notice Annual General Meeting

Notice is hereby given to all the members that the **Annual General Meeting** of the members of Shree Pragati Foundation will be held on **Sunday, 15th September 2024 at 10.00 p.m.** at Shree Pragati Foundation's Hira Mongi Navneet Hospital, Valji Ladha Road, Mulund (West) to transact the following business :

**Agenda**

1) Welcome by President
2) To read and confirm the minutes of the Annual General Meeting held on 30th September 2023.
3) To receive and adopt audited Accounts of Shree Pragati Foundation for the year ended 31st March 2024.
4) To read the Annual Report of the Activities.
5) Letters received if any.
6) Any other business with the permission of the chair.

**Note**

1) If there is no sufficient quorum at the schedule time the meeting will be adjourned for half-an-hour and will be immediately held for which no quorum is required on the same date and the same venue and the business transacted in the said meeting shall be official.
2) Keeping in view the cost control factor, the copies of Audited Accounts and Report on Activities are not sent with this Notice. However, the same will be made available on demand by the members from the Office of Shree Pragati Foundation at Hira Mongi Navneet Hospital between 11.00 am to 1.00 pm on working days. All the members are therefore, requested to kindly co- operate in this regard.
3) The Books of accounts shall be kept available from 04th September 2024 to 07th September 2024 for members and any queries with regard to Accounts should be intimated in writing to the Office of the Foundation at Hira Mongi Navneet Hospital at least 5 (five) days before the date of the meeting. The clarification / explanation will also be given in advance if so desired before AGM with advance appointment.

**For Shree Pragati Foundation**
**Shanti Rambhia** (Secretary)

Date : 22-08-2024



RemeSleep




તો તમે એ સમસ્યાથી પીડાતા હોઈ શકો છો જે કહેવાય છે

**સ્લીપ એપનિયા**

સ્લીપ એપનિયા એ એક ભયંકર બિમારી છે જેને કારણે હાર્ટ એટેક | સ્ટ્રોક હાર્ટ ફેઈલ્યોર | શ્વાસ લેવામાં તકલીફ અને અચાનક મૃત્યુ પણ થઇ શકે છે.


આજે જ આપ સ્લીપ એપનિયા માટે સ્ક્રીનિંગ ટેસ્ટ કરાવો
આજે જ આપ આપની ઊંઘ સંબંધી તપાસણી (ટેસ્ટ) કરાવો

| 2100 + | 500+ | >90% | 95% |
|---|---|---|---|
| સ્ક્રીનિંગ ટેસ્ટ કરાઈ છેલ્લા ૧૨ મહિનામાં | અસરકારક રીતે CPAP વાપરતા દર્દીઓ | જેટલો ઘટાડો સ્લીપ એપનિયામાં | જેટલા દર્દીઓ રેમે સ્લીપ પ્રોગ્રામની ભલામણ કરે છે |

RemeSleep
સંપર્કઃ
રેમેસ્લીપ : 9867227188 / 7304967188 / 90046 87188
વોટ્સએપ : 9136087188
વધુ માહિતી માટે લોગ ઓન કરો : www.remesleep.com


Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : મેં વાંચેલા પુસ્તકોનો સારાંશ




સમાજ વ્યક્તિઓથી બને છે. માણસોની ભીડ એટલે સમાજ નહી. ભીડનું જો વર્ણન કરવામાં આવે તો એમ કહી શકાય કે ભીડમાં જે માણસો આવે છે તેમનું મસ્તક હોય છે. પણ એમાં વિચાર કે વિવેક હોતો નથી. એમને છાતી હોય છે પણ હૃદય હોતું નથી. એમની પાસે હાથ હોય છે. પણ તેમાંથી કોઈ રચના કરી શકાતી નથી.

તેમના હાથ વિંધ્વસ કે ખાના ખરાબી માટે હોય છે. નિર્માણ માટે હાથ હોતા નથી. આવા માણસો હાથમાં પથ્થરો, લાઠીઓ, બંદૂકો હોય છે. એમના મોઢામાંથી ગોળીઓ અને અપશબ્દોના વેણ નીકળે છે. આવા વ્યક્તિઓથી સમુદાયને સમાજ કહી ન શકાય. તાજેતરમાં આપણે બંગાળમાં દેશ અરાજકતા અને મહિહલાની લાજ લુંટાઈ આ ટોળા આપણને જોવામાં મળ્યા હતાં.

વ્યક્તિઓના સમુદાય સમાજ કહી ન શકાય. અરસપરસની નિકટતા, બંધુત્વભાવના એક બીજાની સાથે પ્રેમથી રહેવાની અને સાથે જીવવાની ભાવના નહી હોય. આવા વ્યક્તિઓના સમુદાયથી સમાજ નથી બનતો. હિન્દુ સમાજ જાતિ વ્યવસ્થામાં માને છે. અને એ વ્યવસ્થાનો જન્મદાતા છે. આજે સમાજ એક માનવ બીજા માનવના અસ્તિત્વનો સ્વિકાર કરતો નથી. ત્યારે પવિત્રતા અપવિત્રનો સ્વરૂપ ધારણ કરે છે.

ત્યારે માણસ માણસની વચ્ચે અસમાનતા અને અસંતોષની ખાઈ નિર્માણ થાય છે. જેમ એક માણસનો સ્પર્શ પણ અમંગલ માનવામાં આવે છે. અસ્પૃશ્યતા આની દેન છે. આમાંથી અવ્યવસ્થા, અલગાવવાદનો જન્મ થાય છે. આ કમનસીબે આજ પરિસ્થિતિ આજે ધર્મમાં જોવા મળે છે. મોટા ભાગના બધા ધર્મમાં પંથવાદ અને સંપ્રદાયવાદનો વિસ્તાર થઈ રહ્યો છે.

આજે ધર્મ માણસ જોડવાને બદલે માણસ-માણસ વચ્ચેના વિચારોને તોડવાનું કૃત્ય કરી રહ્યું છે. જાતિવાદ, જમાતવાદ અને ધર્મવાદ જ્યાં હશે. ત્યાં અને સામાજીકતાનો પ્રેમી વિકાસ થશે નહી. આજે ડૉ.રામમનોહર લોહિયા વિચારો યાદ આવે છે. લોહિયા માનતા હતાં આપની સંસ્કૃતિ અને સમાજના પતનનું કારણ આપણી જાતિ વ્યવસ્થા છે. આજે હરિયાણા, રાજસ્થાન અને બિહાર પછાત જાતિના છોકરા લગ્નપ્રસંગે વરરાજા ગામમાં ઘોડા પર બેસી જાન કાઢવામાં આવે છે. ત્યારે ઉચ્ચ વર્ગ માણસો જાન અટકાવી દે નહી. ત્યાં માણસની અસ્મિતા, ગૌરવનું જાહેરમાં લીલામ થાય છે.

ડૉ.રામમનોહર લોહિયા માનતા હતાં જાતિ વ્યવસ્થા જે વળગણ હિન્દુ સમાજમાં છે. એનો ઉપાય એ છે આંતરજ્ઞાતિય લગ્ન પ્રોત્સાહન આપો ટૂંક સમયમાં સમાજ એને આંતરજ્ઞાતિને સ્વિકાર કરશે. લોહિયા સ્વિકારતા હતાં કે સમાજના ચિંતન પ્રેરિત વાંચન ઓછું થતું જાય છે. મોટા ભાગના લોકો સંગીતના જલસામાં અને ખેલકૂદની સ્પર્ધા જોવામાં જેટલા સમય ગાળે છે. એના ત્રીજા ભાગનો સમય પણ વાંચન માટે ફાળવતાં નથી.

સમાજનો ચિંતનશીલ વર્ગ આ હકીકતથી ચિંતત છે. મગજની નિષ્ક્રિતા તરફ લોકોનું વલણ વધી રહ્યું છે. વ્યક્તિ કે સમાજના ઘડતર માટે આ કંઈ સારા લક્ષણ નથી. મગજના વિકાસ માટે લેખનનો છે. એટલો ફાળો વંચિતનો નથી છતાંય માણસના ઘડતરમાં વાંચન મહત્વનો ભાગ ભજવે છે.

કાફકા જેવા વિદ્વાનનો કહે છે કે પુસ્તક માનવીના મન પર જામી ગયેલા બરફના ઘરને તોડવાનું કામ કરે છે. માત્ર છવ્વીસ અક્ષરોની આડી અવળી ગોઠવણીથી કેવું અદ્ભુત મનોવિશ્વ સર્જાય છે. આ A.C.C.Dના છવ્વીસ અક્ષરોની વાત છે. આ નવાઈ તો કોઈ પુસ્તક આસ્વાદ લેનારને જ સમજાય આ છવ્વીસ અક્ષરોની વિવિધ રંગોળી જગતની સંસ્કૃતિઓના મૂળમાં છે.

વાસ્તવિક જીવનની જટિલ સમસ્યાઓ સામે આંખ આડા કાન કરવા માટે માણસ ટી.વી.નો આશરો લે છે. ચેનલો ફેરવતા પોતાની સમસ્યાઓનો કાયમી ઉકેલ મળી જશે એવા ભ્રમમાં એ રહેતો તોય કહેવાય નહિ.

હકીકતમાં એટલો સમય પૂરતો એ પોતાની સમસ્યાનો ભૂલવાનો વ્યર્થ પ્રત્ય ન કરે છે. આખો દિવસ ટી.વી., વીડિયો કે કોમ્પ્યુટર સામે બેસી રહેનાર વ્યક્તિ પોતાના જીવનમાં એક પ્રકારનો ખાલીપો અનુભવે છે. આ સ્મૃતિ લોપ (Alzheimen) એલ્ઝાઈમાનના વ્યાધિ માટે કંઈક અંશે વાંચનના અભાવને જવાબદાર લેખવામાં આવે છે.

જર્મનીના હિટલર અને ગોલ્બસ રશિયામાં સ્ટેલિનને પુષ્કળ પુસ્તકો અને પુસ્તકાલયો સળગાવી મૂક્યા હતા. કારણ કે વાંચનથી આવતી જાગૃતિ ખીલતી વિચાર શક્તિ અને માનવીય અસ્મિતાનો આ જુલમી શાસકો ને ડર હતો. એમના જુલમી શાસકોને ડર હતો એમના જુલમી શાસને જડમૂળથી ઊખેડી નાખવાની શક્તિ પુસ્તકોમાં છે. જગતમાં મોટા ભાગના વિકાસશીલ દેશોની વસ્તીને વાંચવા આવડે છે. પણ એને વાંચવું નથી. એની વાંચન ભૂખ ઉઘાડવાની જરૂર છે અને એ કામ કેળવણી મારફતે જ થઈ શકશે.

## ભાવભરી શ્રદ્ધાંજલી...

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી કદી ભુલાશો નહી...
એક વ્યક્તિત્વ જેનો એહસાસ ક્યારેય મળશે નહી...
એક સ્પર્શ જે હવે ક્યારેય અનુભવાશે નહી.....
જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે...
અને ફુલ બની આસપાસ મહેક્યા કરે છે...

શ્રધ્ધાસુમન


**શ્રી પ્રગતિ ફાઉન્ડેશન પરિવાર**
મેનેજમેન્ટ અને સ્ટાફ



**સ્વ.દિનેશ મુલજી કારીયા**
ભુતપૂર્વ ટ્રસ્ટી તેમજ પ્રમુખ
શ્રી પ્રગતિ ફાઉન્ડેશન, મુલુંડ

**Click Here**

# મારા ડાયરીના થોડા પાનાં : મેં વાંચેલા થોડા વિચારો




બાળક નિશાળ ભણતા હતાં. ત્યારે તેમણે રોજ ધૂપસળી બુકમાંથી એક પેરાગ્રાહ લખ્યો હતો. એની પાછળ ઈરાદો એ હતો. એ પેરાગ્રાહ વાંચે ભવિષ્યમાં અને સમજાવા સમજણ એ કામ આવશે. આજે અમારા પાસે પુનાથી પ્રકાશિત સાધના મરાઠી મેગેઝિન આવ છે. આ મેગેઝિન સારા લેખકોના લેખો અને વિચાર વાંચવા મળે છે.

પશુ અને માણસમાં ઘણો તફાવત છે. સેમ્યુલ જોન્સનનું એક વાક્ય છે. લાગણી વિનાનો માણસ પશુ જેવો હિંસક છે. ઈશ્વર દરેક પશુઓ અને માનવીઓમાં આવેશ, ભાવના અને લાગણીશીલ બની શકે તેવો સ્વભાવ આપેલ છે. છતાં ઘણાં માણસો હિંસક પશુઓ કરતાં વધુ ક્રુર ઘાતકી અને હિંસક હોય છે.

આવા માણસો માટે સેમ્યુલ જોન્સન જણાવે છે કે આ માણસો મનુષ્ય હોવાથી વેદનામાંથી છૂટી જાય છે. તેમને કોઈના પર અત્યાચાર કે જુલમ કરવામાં કંઈ પીડા થતી નથી. આવા માણસોની સરખામણીમાં પશુઓ શ્રેષ્ઠ કહેવાય. પશુઓને સંગ્રહ કરવાની ટેવ નથી. સંગ્રહ કરી રાખવો એ પશુઓનો સ્વભાવ નથી. હિંસકમાં હિંસક પ્રાણીને પોતાનો પેટ ભરાય એટલો શિકાર મળી જાય ત્યાર પછી વધુ ખાવાનું એ મન કરતો નથી. બાકીનો શિકારનો ભાગ એ બીજા પ્રાણીઓ કે પક્ષીઓ માટે છોડી દે છે.

કોઈ પંખી બીજાનો માળો પીંખતો નથી. બીજાના ઘરને ઉધ્વસ્ત કરતો નથી. મોટા ભાગના માણસ આ ગુણોથી પર છે. માણસ વધુને વધુ સંગ્રહ કરવા માને છે. પોતાના સ્વાર્થ માટે બીજાનું ડર પણ તે ફુંકી દે છે. માણસ પાસે વધુ બુધ્ધિ પણ ઓછી સમજણ છે. પશુ અને પક્ષીઓ પાસે અલ્પ બુધ્ધિને વધુ સમજણ છે. શ્રીમંત માણસ ખરચ કરતાં ડરે છે. એને સતત ભાસ થાય છે કે એની મૂડી ઓછી થઈ જશે. નિર્ધન માણસને પોતાની મૂડી ઓછી થવાનો ડર રહેતો નથી.

તવંગર કરતાં નિર્ધન માણસ વધુ પરોપકારી અને ભાવનાશીલ હોય છે. આ જ માણસો માનવ જીવનને સમજી શકે છે.

સ્પેનીશ લેખક સિઝારે પાવેલ એની પુસ્તક લખેલ છે. ખાસ કરીને યુવાનો માટે બાળક જ્યારે નાનું હોય છે. વડીલો એના બાળક આંગળી પકડીને ફેરવે છે. આજ બાળકો તરૂણ અવસ્થામાં એમના વડીલો પોતાના નાક પર આંગળી મૂકી ચૂપની વાત કરે છે. આ નાટક ઘણાં કુટુંબમાં ભજવવો હશે ના છૂટકે વડીલો ચૂપ (મૌન પાળવી ફરજ બની જાય છે. જે કુટુંબમાં બાળકો અને વડીલનો સંવાદ હોય છે. આ કુટુંબમાં સુખ શાંતિ ચોક્કસ પણે આવે છે.

ગાંધીવાદને સમજે એના ગાંધીવાદ સિધ્ધાંત માનવામાં દાદા ધર્માધિકારીના જીવનો એક પ્રસંગ આદિવાસીઓના ગામમાં એક ઘરમાં રાતવાસો કરવાનો પ્રસંગ આવ્યો. એમાં એક જ ઓરડો હતો. તેને બારી ન હતી. ત્યાંજ રસોઈ થતી. આખા ઘરમાં ધુમાડો થતો. કેટલાક મરઘાં હતાં તેના બચ્ચા આમ તેમ રમતાં હતાં. એણે વિચાર્યું કે મારા જેવાને ત્યાં સુવાડવવો ઠીક નહી ગણાય.

પાસે એ ઝૂંપડી ત્યાં ખાટલી ઢાળી દીધી. ઘર ઘણી મારું અપમાન કે હાંસી ન હોતો કરવા માંગતો પણ એણે ભોળે ભાવે કહી નાખ્યું અહીં અમે આ જગ્યાએ સાફ કરી દીધી છે. મેં કહ્યું ખેર, સાફ કરી એ તો સારું જ કર્યું. થોડીવાર ધર્માધિકારીને વિચાર આવ્યો કે આ માણસ અહીં ભૂંડ રાખતો હતો. પણ અહીં બારણું તો છે જ નહીં. રાત કોઈ અંદર ઘૂસી જાય તો?

મેં પુછ્યું આમાં બારણું નથી. એ બોલ્યો એમાં બારણાની જરૂર નથી, કેમ? આસપાસમાં કોઈ ચોર નથી? ચોર તો ઘણાય છે, તો તારા ઘરમાં બારણું કેમ નથી રાખતો એ બોલ્યું અમારા એવા ભાગ્ય ક્યાંથી કે અમારા ઘરમાં ચોર આવે. સાવ અભણ માણસના આ શબ્દો છે. અમારું એવું ભાગ્ય નથી, કેમ? એમાં ભાગ્ય શા સારું જોઈએ? તો કહે છે કે અમારી પાસે એક ચીજ છે?

ગરીબી અને તેને ચોરનારું કોઈ નથી. મેં કહ્યું તો તે તમારે પોલીસની કશી જરૂર નહી પડતી હોય. પોલીસની અમારે તે શી જરૂર? તો પોલીસવાળા તારે ત્યાં કદી આવતાં નથી? કહે આવે છે ને! તમારી જેવાની ઘડિયાળ ગુમ થઈ જાય ત્યારે તે શોધવા સારું અમારા ઘરમાં આવે છે. ત્યારે તમારી અમીરી અને અમારી ગરીબ બેટાનું રક્ષણ કરે છે.

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના કાર્યક્રમો

જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના આગામી કાર્યક્રમોમાં સુપરહીટ નાટક એકલવ્ય આજે બુધવાર, તા.૨૮ ઓગસ્ટના કાલિદાસ નાટ્યમંદિર ખાતે રાત્રે ૯ કલાકે રાખેલ છે. શ્રાવકના પાંચ કર્તવ્યો પૈકી એક ચૈત્ય પરિપાટી રવિવાર, તા.૨૨ સપ્ટે.ના પરલીમાં પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાશે. આગામી શરદોત્સવ શુક્રવાર, તા.૨૫ ઓક્ટોબરના રોજ રાખવામાં આવેલ છે. આગામી યાત્રા પ્રવાસ અયોધ્યા, વારાણસી વગેરે દસ રાત્રિ અને ૧૧ દિવસ માટે રાખવામાં આવેલ છે. જે તા.૨૯ નવે.થી ૯ ડિસે. સુધી રહેશે. બુકિંગ માટે અમારા ઓફિસ બેરર્સનો સંપર્ક કરશો. બુકિંગ ૨૬, ૨૭ અને ૨૮ ઓગસ્ટ સવારે ૧૧ થી ૧૨ દરમિયાન એડવાન્સ ચેક અથવા રોકડ રકમ લઈ જૈન સોશ્યલ ગ્રુપની ઓફિસ ખાતે કરવામાં આવશે. સંપર્ક: પ્રમુખ- જયંતીલાલ મેશેરી: ૯૮૧૯૭ ૪૮૨૫૦, માનદ્ મંત્રી-દિલીપભાઈ શેઠ : ૯૮૨૦૬ ૯૬૮૪૮, શ્રીમતી ડિમ્પલબેન કોરડિઆ : ૯૮૬૯૬ ૬૦૨૯૦.




Click Here

|| પરમ તારક પરમાત્મા શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ||
|| શ્રી પ્રેમ–ભુવનભાનુ–પં. પદ્મવિજય–જયઘોષ–રાજેન્દ્ર–હેમચંદ્રસૂરીશ્વરેભ્યો નમઃ ||
|| શ્રી આર્ય–જય–કલ્યાણ–ગૌતમ–નીતિ–દાન–નેમ–ગુણ–ગુણોદય–કલાપ્રભ–કવીન્દ્ર–વીરભદ્ર–મહોદયસાગરસૂરીશ્વરેભ્યો નમઃ ||

# શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

**શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.**

## પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વની આરાધનાના મંગલમય પ્રસંગે

## ભાવભર્યું આમંત્રણ

## શ્રી તપગચ્છનો પર્યુષણ પર્વનો કાર્યક્રમ

પૂજ્યપાદ **શ્રી પ્રેમ-ભુવનભાનુસુરિજી** મ.સાના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ, પ્રશાંતમૂર્તિ પ.પૂ.આ.ભ.દેવશ્રી શ્રીમદ્‌વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી** મ.સા.ના આજ્ઞાવર્તી વૈરાગ્યદેશના દક્ષ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા. ના શિષ્ય વર્ધમાન તપોનિધિ પ.પૂ.પંન્યાસશ્રી **રત્નબોધિવિજયજી** મ.સા. આદિ ઠાણા શ્રી સંઘમાં નિશ્રા આપવા પધારતા શ્રીસંઘમાં ઉલ્લાસ આનંદ છવાયેલ છે.

### મંગલ કાર્યક્રમ

| દિવસ | તિથિ-વાર-તારીખ | કાર્યક્રમ |
|---|---|---|
| ૦૧ | શ્રાવણ વદ પ્રથમ ૧૩<br>શનિવાર, તા. ૩૧–૮–૨૪ | અષ્ટાહ્નિકા વ્યાખ્યાન સવારે ૮.૩૦ થી ૧૧.૩૦<br>શાલીભદ્ર બની ભંડાર ભરવાની ઉછામણી અને આદેશ |
| ૦૨ | શ્રાવણ વદ બીજી ૧૩<br>રવિવાર, તા. ૧–૯–૨૪ | અષ્ટાહ્નિકા વ્યાખ્યાન સવારે ૮.૩૦ થી ૧૧.૩૦<br>કલ્પસૂત્ર વહોરાવવાનું તથા ઘરે પધરાવવાનું, જ્ઞાનપૂજા, અષ્ટપ્રકારી પૂજાના આદેશો.<br>વ્યાખ્યાન બાદ શાલીભદ્ર બનનાર ભાગ્યશાળીના વરદ હસ્તે વાજતે ગાજતે<br>ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સાધારણનો ભંડાર ભરવામાં આવશે. |
| ૦૩ | શ્રાવણ વદ ૧૪<br>સોમવાર, તા. ૨–૯–૨૪ | અષ્ટાહ્નિકા વ્યાખ્યાન સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ ત્યારબાદ તપસ્વી બહુમાન સમારંભના વિવિધ આદેશો + કલ્પસૂત્રનો વરઘોડો |
| ૦૪ | શ્રાવણ વદ ૩૦<br>મંગળવાર, તા. ૩–૯–૨૪ | કલ્પધર : સવારે ૮.૦૦ કલાકે કલ્પસૂત્ર વહોરાવવાનું, પાંચ જ્ઞાનપૂજા, અષ્ટપ્રકારી પૂજા<br>સવારે ૮.૩૦ થી ૧૧.૩૦<br>બપોરે ૨.૪૫ થી ૫.૦૦ વીર પ્રભુની કલ્યાણ યાત્રા : સમ્યક દર્શનથી ચરમભવ સુધી |
| ૦૫ | ભાદરવા સુદ ૧<br>બુધવાર, તા. ૪–૯–૨૪ | સવારે ૮.૩૦ થી ૯.૩૦ માતા ત્રિશલા દ્વારા વીરપ્રભુનું ગર્ભ સંસ્કરણ<br>સવારે ૧૦.૩૦ થી ૪.૩૦ સંગીતમય ૧૪ સ્વપ્ન દર્શન યાત્રા + ઘોડિયા પારણાના<br>બાકીના આદેશો + અષ્ટમંગલના આદેશો + સંઘમાં થતા ત્રણ હવન : મણીભદ્રવીર, પદ્માવતી<br>ઘંટાકર્ણ વીરના આદેશો + જન્મ વાંચન (સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે.)<br>લાભાર્થી : માતુશ્રી હીરાલક્ષ્મી કેશવલાલ શાહ (સોનગઢવાળા) હ. મયણાબેન સતીષભાઈ શાહ,<br>નિધિ–વૈભવ, પ્રિયા ધવલકુમાર, શ્રવી |
| ૦૬ | ભાદરવા સુદ ૨<br>ગુરૂવાર, તા. ૫–૯–૨૪ | સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ વીર જન્મોત્સવ + વીરપ્રભુની સાધના + વ્યાખ્યાન બાદ ઘોડિયા પારણા ઘરે લઈ જવાનો વરઘોડો, બપોરે ૨.૪૫ થી ૫.૦૦ : ગણધરવાદ |
| ૦૭ | ભાદરવા સુદ ૩<br>શુક્રવાર, તા. ૬–૯–૨૪ | સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ ત્રેવીસ (૨૩) તીર્થંકર ચરિત્ર, બારસા સૂત્ર વહોરાવવાના,<br>પાંચજ્ઞાન તથા અષ્ટપ્રકારી પૂજાના આદેશો, રથયાત્રાના આદેશો,<br>વ્યાખ્યાન બાદ ક્ષીર સમુદ્ર તપના પારણાં<br>બપોરે ૨.૪૫ થી ૫.૦૦ દૈદિપ્યમાન પાટપરંપરા |
| ૦૮ | ભાદરવા સુદ ૪<br>શનિવાર, તા. ૭–૯–૨૪ | શ્રી સંવત્સરી મહાપર્વ<br>સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ બારસાસૂત્ર વહોરાવવાનું, પાંચજ્ઞાન પૂજા, અષ્ટપ્રકારી પૂજા<br>ત્યાર બાદ વાંચન તથા વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાના આદેશો |
| ૦૯ | ભાદરવા સુદ ૫<br>રવિવાર, તા. ૮–૯–૨૪ | અઠમ તથા ઉપરના તપસ્વીઓના પારણા સવારે ૮ થી ૯.૩૦ કલાકે<br>શ્રી સંઘના સંકુલમાં કરાવવામાં આવશે. (અઠાઈ ઉપરના તપસ્વીઓએ પોતાના બહુમાનના પાસ સાથે લઈ આવવા) |

• સવારનું પ્રતિક્રમણ ભાઈઓનું ઉપાશ્રયમાં, ૫.૦૦ કલાકે. • સાંજનું ૧લું પ્રતિક્રમણ ૭.૦૦ વાગે ઉપાશ્રયમાં, બીજુ પ્રતિક્રમણ
• દરરોજ ભાઈઓ બહેનોના પોષધવ્રત માટે સવારના ૫.૧૫ કલાકે પધારવું. • સંવત્સરી પ્રતિક્રમણની વ્યવસ્થા બોર્ડ ઉપર વાંચી લેવી.

Click Here

|| પરમ તારક પરમાત્મા શ્રી વાસુપૂજય સ્વામિને નમઃ ||
|| શ્રી પ્રેમ-ભુવનભાનુ-પં. પદ્મવિજય-જયઘોષ-રાજેન્દ્ર-હેમચંદ્રસૂરીશ્વરેભ્યો નમઃ ||
|| શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરીશ્વરેભ્યો નમઃ ||

# શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

**શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

## શ્રી અચલગચ્છનો પર્યુષણ પર્વનો કાર્યક્રમ

શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્યકૃપાથી - તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. દિવ્યઆશિષથી - અચલગચ્છાધિપતિ, સાહિત્ય દિવાકર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી વ્યવહાર કુશલ પ.પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ.સા.શ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી તત્ત્વાર્થગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ની ચાતુર્માસિક નિશ્રામાં પર્યુષણા મહાપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તો આપ સર્વેને ઉલ્લાસભેર ભાગ લેવા નમ્ર વિનંતી.

### મંગલ કાર્યક્રમ

| દિવસ | તિથિ-વાર-તારીખ | કાર્યક્રમ |
|---|---|---|
| ૦૧ | શ્રાવણ વદ ૧૩<br>શનિવાર, તા. ૩૧-૮-૨૪ | સવારે ૮.૪૫ કલાકે વ્યાખ્યાન, ત્યારબાદ શ્રી કલ્પસૂત્ર (પોથી) ઘરે પધરાવવાનો તથા પાંચ જ્ઞાનપૂજા અને શાલીભદ્ર બની ભંડાર ભરવાની ઉછામણી અને આદેશ. |
| ૦૨ | શ્રાવણ વદ ૧૪<br>રવિવાર, તા. ૧-૯-૨૪ | સવારના ૮.૪૫ કલાકે વ્યાખ્યાન, ત્યારબાદ શ્રી શાલીભદ્ર બનનાર ભાગ્યશાળીના વરદ્ હસ્તે વાજતે ગાજતે ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સાધારણનો ભંડાર ભરવામાં આવશે. |
| ૦૩ | શ્રાવણ વદ અમાસ<br>સોમવાર, તા. ૨-૯-૨૪ | સવારે ૮.૪૫કલાકે કલ્પસૂત્ર માંડણી વાંચન<br>સવારના ૧૦.૧૫ કલાકે શ્રી કલ્પસૂત્ર (પોથી) ની શોભાયાત્રા |
| ૦૪ | ભાદરવા સુદ ૧<br>મંગળવાર, તા. ૩-૯-૨૪ | ૮.૧૫ કલાકે કલ્પસૂત્ર પૂ. મહારાજ સાહેબને વહોરાવવાનું તથા પાંચ જ્ઞાનપૂજાઓ, કલ્પસૂત્રનું વાંચન |
| ૦૫ | ભાદરવા સુદ ૨<br>બુધવાર, તા. ૪-૯-૨૪ | સવારના ૮.૩૦ કલાકે શ્રી કલ્પસૂત્રનું વાંચન, શ્રી ૧૪ સ્વપ્નની વિવિધ ઉછામણીઓ અને આદેશ + શ્રી મહાવીર જન્મ વાંચન + શ્રી ઘોડિયા પારણું ઘરે પધરાવવાની + અષ્ટ મંગલના ઉછામણી અને આદેશ. **બપોરના સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે.** |
| ૦૬ | ભાદરવા સુદ ૩<br>ગુરૂવાર, તા. ૫-૯-૨૪ | સવારના ૮.૧૫ કલાકે શ્રી કલ્પસૂત્રનું વાંચન |
| ૦૭ | ભાદરવા સુદ ૪<br>શુક્રવાર, તા. ૬-૯-૨૪ | સવારના ૮.૧૫ કલાકે શ્રી કલ્પસૂત્રનું વાંચન, સવારે ૧૦.૦૦ કલાકે શ્રી બારસાસૂત્ર. પૂ. મહારાજ સાહેબને વહોરાવવાનું, શ્રી સંઘને દર્શન કરાવવાના તથા પાંચ જ્ઞાનપૂજાઓની ઉછામણીઓ અને આદેશ, તા. ૧૫-૯-૨૦૨૪ ના થનારી રથયાત્રાના આદેશો. |
| ૦૮ | ભાદરવા સુદ ૫ (સંવત્સરી)<br>શનિવાર, તા. ૭-૯-૨૪ | સવારે ૭.૦૦ કલાકે પૂ. મહારાજ સાહેબને શ્રી બારસાસૂત્ર વહોરાવવાનું તથા પાંચ જ્ઞાનપૂજાઓ અને શ્રી બારસાસૂત્રનાં વાંચન-દર્શન, ગંભારો ખોલવાનો, ઉછામણી અને આદેશો તથા **વાર્ષિક અષ્ટપ્રકારી તથા આંગીના આદેશો** આપવામાં આવશે. |
| ૦૯ | ભાદરવા સુદ ૬<br>રવિવાર, તા. ૮-૯-૨૪ | સવારના ૫.૦૦ વાગે દ્વાર ઉદ્‌ઘાટન, સવારના ૮.૧૫ થી તપસ્વીઓના સમુહ પારણા કરાવવામાં આવશે. |

**શ્રાવક-શ્રાવિકાઓ માટે દરરોજ પ્રતિક્રમણનો સમય સાંજે ૭.૦૦ કલાકે અને અમાસ ના સાંજે ૬.૧૫ કલાકે તથા સંવત્સરીના પ્રથમ : બપોરે ૧.૩૦ કલાકે • દ્વિતીય : સાંજે ૪.૧૫ કલાકે અને ૫.૦૦ કલાકે રહેશે.**

Click Here

# મુલુંડની અગ્રણી રિઅલ એસ્ટેટ કંપની 'પ્રેમ ગ્રુપ' દ્વારા 'પ્રેમ અજંતા' અને 'પ્રેમ બીમા છાયા' પ્રોજેક્ટ લોન્ચ



મુલુંડના યુવા ડેવલોપર્સની ટીમ



પ્રેમ ગ્રુપના સિનિયર સૂત્રધારો



પ્રેમ ગ્રુપને શુભેચ્છા આપતા પૂર્વ સાંસદ ડૉ.કિરીટ સોમૈયા તથા પૂર્વ નગરસેવક નીલ સોમૈયા




મુલુંડના રમતવીરોનો સમૂહ

### મનીષ ઠક્કર (અગ્રણી એસ્ટેટ એજન્ટ)



અમે છેલ્લા ૨૮ વર્ષથી પ્રેમ ગ્રુપ સાથે સંકળાયેલા છીએ. તેમના દરેક પ્રોજેક્ટમાં બાંધકામની ક્વોલિટી એ-વન હોય છે. કસ્ટમરની જરૂરિયાત પ્રમાણેના ફ્લેટ અને ૧૦૦% સમયસર પઝેશન એ પ્રેમ ગ્રુપનો બિઝનેસ મંત્ર છે. તેઓ દલાલભાઈઓની સમસ્યાઓ જાણે છે અને તે અનુસાર ખૂબ સૌહાર્દપૂર્ણ અને પારદર્શક વ્યવહાર કરે છે. પ્રેમ ગ્રુપમાં ફ્લેટ બૂક કરાવ્યા પછી ગ્રાહકો નિશ્ચિત થઈને રાત્રે ઊંઘ માણી શકે છે. પ્રોજેક્ટ સંબંધી બધી જ એપ્રૂવલ આવ્યા પહેલાં એજન્ટ ફ્લેટ વેચવાનું કહે તો પણ પૈસા નથી લેતા. ટૂંકમાં, પ્રેમ ગ્રુપ સાથે એસ્ટેટ એજન્ટ તરીકે કામ કરવું એ એક સુખદ અનુભવ બની રહે છે.

### શાંતિ માલદે (રિયલ એસ્ટેટ એજન્ટ, મુલુંડ)



પ્રેમ ગ્રુપએ તેમની ૩૯ વર્ષની ભવ્ય સફરમાં મુલુંડમાં અનેક પ્રોજેક્ટ્સનું નિર્માણકર્યું છે અને તે બધાની ગણતરી પ્રીમિયમ કોમ્પ્લેક્સ તરીકે થાય છે. પ્રેમ ગ્રૂપએ મુલુંડમાં શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ આપવામાં એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. અન્ય લોકો દ્વારા આ પ્રોજેક્ટ્સના રહેવાસીઓની ઈર્ષ્યા થાય છે.મુલુંડના રહેવાસીઓ તેમના નવા પ્રોજેક્ટની જાહેરાત થવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હોય છે. તેમના દ્વારા નિર્મિત પ્રેમ ચિત્રલેખા ટાવર પ્રેમગ્રુપની યશકલગીમાં એક સુંદર પીછા સમાન છે. પાંચ વર્ષ સુધી સ્ટેન્ડઅલોન હોવા છતાં આજે હવે પ્રેમ ચિત્રલેખા ટાવર મુલુંડ પૂર્વમાં રહેવા માટે નંબર વન પ્રીમિયમ સ્થળ તરીકે ગણવામાં આવે છે, જે રિસેલ ફ્લેટ્સ પર સૌથી વધુ ભાવ મેળવે છે. બાંધકામની ગુણવત્તા પ્રત્યે પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા, પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવાની જ્વલંત પરંપરા અને વ્યવહારમાં પારદર્શિતા તેમની સૌથી પ્રશંસનીય ક્વોલિટીઝ છે.


### વિશાલ જાદવજી ઠક્કર (ડાયરેક્ટર, પ્રેમ ગ્રુપ)



પ્રેમ ગ્રુપના ડાયરેક્ટર વિશાલ ઠક્કર કહે છે પ્રેમ ગ્રુપ દ્વારા નિર્માણ પામેલા દરેક ઘરના પ્લાનિંગ, કન્સ્ટ્રક્શન અને અન્ય સુવિધાઓની ક્વોલિટી એવી બનાવીએ કે જાણે એ ઘરમાં અમે પોતે જ રહેવાના હોઈએ. જ્યારે ગ્રાહક કે પોતાની પૂંજી લગાવીને અમારી પાસેથી ઘર ખરીદે છે ત્યારે તેને તેમાં કોઈ તકલીફ ન પડવી જોઈએ. અમે રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ હાથમાં લેતાં પહેલાં એ સુનિશ્ચિત કરીએ કે એ બિલ્ડીંગના રહેવાસીઓને કોઈ અસુવિધા ના થાય.અમુક વર્ષો પછી અમારા ગ્રાહક જીવનમાં પ્રગતિ કરીને ઘર ચેન્જ કરે તો એટલા માટે નહીં કે બિલ્ડીંગ ખરાબ છે, પરંતુ એ ઘરમાંથી પ્રગતિ કરીને સંતોષ સાથે નવા ઘરમાં જાય. અમારી RD ટીમ સતત તપાસ કરતી રહીને માર્કેટમાં ઉપલબ્ધ લેટેસ્ટ કેમિકલ કે અન્ય ટેક્નિકનો ઉપયોગ અમારા પ્રોજેક્ટ્સમાં કરે છે જેથી બિલ્ડીંગની ઇન્ટીરિયર અને એક્સટીરિયર ઓરિજીનાલિટી વર્ષોના વર્ષો સુધી જળવાઈ રહે.

સમયસર અને મોસ્ટલી સમયથી પહેલાં પઝેશન આપવું એ જાણે પ્રેમ ગ્રુપની પરંપરા બની ગઈ છે. અમારા પ્રોજેક્ટ્સમાં ઘર ખરીદનાર ગ્રાહકો અને નાણા રોકનાર ઇન્વેસ્ટર્સને પણ ખાત્રી હોય છે કે અમે કમિટ કર્યું છે તે પહેલાં જ પઝેશન મળી જશે.આ સર્વ વિશેષતાઓને લીધે આજે રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પ્રેમ ગ્રુપ એક અગ્રણી ડેવલપર તરીકે સ્થાન પામ્યું છે.

### પ્રફુલ છેડા (રિયલ એસ્ટેટ એજન્ટ, મુલુંડ)



આજના સમયમાં બાંધકામની ગુણવત્તા એ એક ઓછું મહત્વ અપાતી બાબત છે જેના પર 'એ'ગ્રેડના બિલ્ડરો પણ ધ્યાન આપતા નથી, પરંતુ પ્રેમ ગ્રુપે હંમેશા બાંધકામની ખૂબ જ ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખી છે જેણે ચેનલ પાર્ટનર્સ અને ખરીદદારો વચ્ચે રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પ્રેમ ગ્રુપ બ્રાન્ડને ઉચ્ચ કક્ષાની સદભાવના સ્થાપિત કરી છે.

### મિતેશ જોબનપુત્રા (અગ્રણી એસ્ટેટ એજન્ટ,મુલુંડ)




હું પ્રેમ ગ્રુપ, મુલુંડને ૧૯૯૫થી જાણું છું. રીયલ એસ્ટેટ ક્ષેત્રે ઉચ્ચ નામના ધરાવતું આ ગ્રુપ સારી ગુણવત્તાના બાંધકામ, ફ્લેટની જગ્યામાં ઓછામાં ઓછું વેસ્ટેજ અનેપ્રોજેક્ટની સમયસર ડિલિવરી કરવામાં માને છે. હું માનું છું કે તેમના ફ્લેટના દરો અન્ય બિલ્ડરોની સરખામણીમાં ખૂબ જ સ્પર્ધાત્મક છે.ડેવલપરની સદભાવના, વિશ્વાસ અને પારદર્શિતાને ધ્યાનમાં લઈએ તોમને પ્રેમ ગ્રુપમાં આ તમામ ગુણો જોવા મળ્યા છે.

### ચિરાગ કિશોર વીરા (એસ્ટેટ એજન્ટ, મુલુંડ)



હું ચિરાગ કિશોર વિરા ચેનલ પાર્ટનર તરીકે પ્રેમ ગ્રુપ સાથે છેલ્લા ૧૫ વર્ષથી જોડાયેલો છું. તેમની ડિઝાઇન અને પ્રોજેક્ટનું લેઆઉટ અસાધારણ છે. સમયરેખાનું ચુસ્ત પાલન તેમનો પરંપરાગત વારસો છે. ચેનલ પાર્ટનર તરીકે મને તેમના પ્રોજેક્ટ્સ વેચવાનું ખૂબ જ સરળ લાગે છે. કારણ કે તેમનું બ્રાન્ડ નામ ગ્રાહકોને લાંબા સમયથી ખૂબ જ પરિચિત છે.તેમના લેઆઉટમાં ફ્લેટની જગ્યામાં હંમેશા ઝીરો વેસ્ટેજ હોય છે. તેમની સાથે ચેનલ પાર્ટનર તરીકે તેમની યાત્રાનો ભાગ બનવા બદલ હું આભારી છું.


### **VIVEK REDKAR,** Prem Vishnu Mulund East (EX DGM Saraswat Bank)



Choosing a builder for a project is a significant decision, and the experience can be a mix of excitement, anxiety, and detailed scrutiny. I wanted to take a moment to express how pleased I am with my experience staying in the building constructed by Prem Group. The attention to detail and the quality of craftsmanship are evident in every aspect, from the well-thought-out layout to the high-quality finishes. The space is not only beautiful but also incredibly functional and comfortable. It's clear that a lot of care went into the planning and execution, and it has made my stay here truly enjoyable. I appreciate the effort put into creating a space that feels like home. Thank you for your excellent work!

Prem group means Transparency, Commitment, Delivery and Relationships.

### **Pawan Lilani**
Director - Royal Roof Real Estate Consultants



Prem Group's projects are known for their beautiful and thoughtful designs that prioritize airy, well-ventilated spaces with ample natural light. They consistently incorporate large windows and design floor plans with a strategic orientation to maximize airflow and sunlight throughout the home. This approach ensures a pleasant living environment that enhances comfort and reduces the need for artificial lighting. Prem Group is committed to providing quality in their projects, always aiming to offer their customers well-illuminated and well-ventilated homes. Over the years, this dedication to quality and thoughtful planning has become a hallmark of their developments.

Click Here

# મુલુંડની અગ્રણી રિઅલ એસ્ટેટ કંપની 'પ્રેમ ગ્રુપ' દ્વારા 'પ્રેમ અજંતા' અને 'પ્રેમ બીમા છાયા' પ્રોજેક્ટ લોન્ચ



પ્રેમ ગ્રુપને શુભેચ્છા આપતાં મુલુંડ પૂર્વના સિનિયર પી.આઈ.મદન પાટિલ



માર્ગદર્શન લેતા એસ્ટેટ એજન્ટ ભાઈઓ



મુલુંડના નામાંકિત અને અનુભવી ડેવલોપર્સ



મુલુંડના અગ્રણી રિઅલ એસ્ટેટ એજન્ટો



માર્ગદર્શન લેતા એસ્ટેટ એજન્ટ ભાઈઓ



મુંબઈના અગ્રણી આર્કિટેક્ટ અને ઈન્જિનરો, ફાલ્ગુની ઠક્કર, આશિષ ભટ્ટ, વિશાલ ઠક્કર, ફારૂક લોખંડવાલા, આર.સી.ટિપનીસ, સંદીપ ઈસોરે, હિરેન ઠક્કર સાથે પ્રેમ ગ્રુપના ભાગીદારો

## હિતેશ જાદવજીભાઈ ઠક્કર (ડાયરેક્ટર, પ્રેમ ગ્રુપ)



૧૯૯૪માં પિતાજી જાદવજીભાઈ સાથે પ્રેમ ગ્રુપમાં જોડાયા ત્યારથી જે ઉચ્ચ શિખરો સર કર્યા છે, જેણે પ્રેમ ગ્રુપની વૃદ્ધીમાં વધારો કર્યો છે. કોમર્સ ગ્રેજ્યુએટ થયા બાદ IIM બેંગલોરથી બિઝનેસ લીડરશીપની ડીગ્રી મેળવી. ૨૦૨૨માં માસ્ટર્સ ઈન મિડીએશન (મધ્યસ્થી)ની ડીગ્રી હાંસલ કરી. એક પ્રાઈવેટ પાયલટ હોવાને નાતે તેમણે પ્રેમ ગ્રુપને પણ નવી ઊંચાઈએ પહોંચાડ્યું છે. નેશનલ રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NAREDCO)ના વાઈસ પ્રેસિડેન્ટ છે જેથી રીયલ એસ્ટેટની પોલિસી મેટર્સ પર એમના મત અને વિચારોની સરકારે નોંધ લેવી પડે છે. મહારેરાની સલાહકાર સમિતિના સભ્ય છે અને સાથે મહારેરાનું કંન્સીલિએશન ફોરમ (મધ્યસ્થી)નું સંચાલન કરે છે જેમાં અત્યાર સુધી લગભગ ૧૨૫ ફરિયાદો હેન્ડલ કરી છે જેમાંથી લગભગ ૮૦ ફરિયાદોનું મધ્યસ્થી તરીકે નિરાકરણ કરાવી આપ્યું છે. તેમનું વિઝન મુલુંડને એક ઉચ્ચ ગુણવતા અને સર્વ આવાસીય સુવિધાઓ પૂરી પાડતું શહેરી ઉપનગર બનાવવાનું છે. વિશ્વાસ, પારદર્શકતા, પ્રોજેક્ટની સમયસર પરિપૂર્ણતા અને ઉચ્ચ ગુણવત્તા એ પ્રેમ ગ્રુપના મૂળભૂત મુલ્યો છે જેણે પ્રેમ ગ્રુપને રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં અગ્રસ્થાન અપાવ્યું છે.

## Deepak R. Date (Real estate agent)



"I've had the opportunity to observe Prem Group's projects over the years, and I must say that their developments have consistently demonstrated significant capital value appreciation. This can be attributed to several factors, including:

1) Strategic locations: Prem Group projects are often situated in prime areas with high demand and limited supply, leading to increased property values. 2) Quality construction: Their focus on quality construction, modern amenities, and attention to detail enhances the overall value of the property. 3) Timely completion: Prem Group's track record of completing projects on time ensures that buyers can benefit from appreciation in value without delays. 4) Resale demand: The reputation and quality of Prem Group projects create a strong resale market, driving up capital values. 5) Long-term vision: The company's commitment to building sustainable and future-proof communities contributes to steady value appreciation. 6) "Prem Group is known for their punctuality in paying brokerage commissions, ensuring that brokers receive their dues on time, every time. This reliability builds trust and strengthens the partnership between Prem Group and their brokers, allowing for a seamless and successful collaboration." 7) Overall, investing in a Prem Group project offers a promising potential for capital value appreciation, making it an attractive option for homebuyers and investors alike."

## Vinay Dandekar (Prem Mangalya - Mulund E)



The Prem Group Home completed our society much faster than other developments in the area. Their post-handover services have been satisfactory, meeting our needs efficiently and ensuring a smooth transition into our new community, with prompt responses to any issues we encountered.

## વિનોદ ગાલા (પ્રેમ ઠાકર-મુલુંડ વેસ્ટ)



હું વિનોદ ગાલા મુલુંડ વેસ્ટમાં આર.એચ.બી. રોડ પર સ્થિત પ્રેમ ઠાકર સોસાયટી નામના પ્રેમ ગ્રુપ દ્વારા નિર્મિત બિલ્ડીંગમાં રહું છું. આ બિલ્ડીંગના બાંધકામની ગુણવત્તા સામાન્ય ધોરણો કરતાં ઉપર છે અને ગ્રુપ દ્વારા સમયસર કબજો મળી જાય છે.

## Dr Manjeet Singh Arora
Prem Jasmine Mulund E, Fortis Hospitals, Mulund



Our Best Wishes today - Prem Reconnect

Prem group Our Choice for upgrading : TRUST • REPUTATION • 1:1 CONNECT • HUMANITY • QUALITY • AFFORDABLE HOMES • PAYMENT FACILITY • GOOD ROOM SIZE • MULTIPLE CHOICE • ON TIME COMPLETION.

Above all We love, adore and respect our ASHWINJI GADA - Founder Prem Group.

## રીધમ અશ્વિન ગડા (ડાયરેક્ટર, પ્રેમ ગ્રુપ)



પ્રેમ ગ્રુપ દ્વારા નિર્મિત પ્રોજેક્ટ્સની હંમેશા એ વિશેષતા રહી છે કે તેના અંતર્ગત બાંધવામાં આવનારા ફ્લેટ્સનું એટલું માઈક્રોપ્લાનિંગ કરવામાં આવે છે કે જેથી ફ્લેટમાં મિનિમમ જગ્યા વેસ્ટેજ થાય અને મેક્ષીમમ યુઝેબલ સ્પેસ ઉપરાંત તેને વધુમાં વધુ કુદરતી પ્રકાશ અને હવા ઉજાશ મળી રહે. મહારાષ્ટ્રમાં રેરા તો ૨૦૧૭થી અમલમાં આવ્યું પરતુ અમે તેની પહેલાં જ તેની ગાઈડલાઈન્સ પ્રમાણે કામ કરી રહ્યા છીએ. જે પ્રોજેક્ટ માટે પૈસા લીધા હોય એ જ પ્રોજેક્ટ માટે વાપરીએ છીએ. અમારી બધી જ પ્રોપર્ટીના ટાઈટલ જ્યાં સુધી ક્લિયર થયા બાદ અને બીએમસી અને ગવર્નમેન્ટનું રૂલબૂક પ્રમાણે જરૂરી બધી જ અપ્રૂવલ મળ્યા પછી જ પ્રોજેક્ટનું કામ શરૂ કરીએ છીએ જેથી એક વાર કન્સ્ટ્રક્શન શરૂ થયા પછી તેમાં રૂકાવટ ના આવે. આ ઉપરાંત અમે લોન લીધા વિના સેલ્ફ ફાઈનાન્સથી જ પ્રોજેક્ટનું નિર્માણ કરીએ છીએ જેથી સમયસર અને બહુધા સમયથી પહેલાં જ પઝેશન આપી દઈએ છીએ.અમારી સાથે કામ કરતા એજન્ટભાઈઓને સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રોજેકટની બધીજ ડીટેઇલ જણાવી દઈએ છીએ જે તેઓ કસ્ટમરને આપી શકે. તેમને જે ગુડવિલ આપવાનું હોય તે સમયસર આપી દઈએ છીએ. આ સર્વ બાબતોને કારણે પ્રેમ ગ્રુપએ ગ્રાહકો અને એજન્ટભાઈઓ માટે એક વિશ્વાસપાત્ર ડેવલપર તરીકેનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

## વિજય ગાલા, (રિયલ એસ્ટેટ એજન્ટ)



સિવિલ એન્જિનિયર હોવાને નાતે હું ચોક્કસપણે કહી શકું કે પ્રેમ ગ્રુપ ટેક્નિકલી ખૂબ સાઉન્ડ છે (ઇન-હાઉસ ટીમ અને કન્સલ્ટન્ટસ) જેમાં પ્લાનિંગ હોય કે પછી સ્ટ્રક્ચર, તેની ડિઝાઇન જીવનકાળ પર્યંત અને તેનાથી પણ આગળ ટકી શકવા માટે ચોક્કસપણે સંપૂર્ણ, સાઉન્ડ, સલામત અને સ્થિર હશે! કોઈપણ પેરામીટર્સ પર જરા પણ સમાધાન નહીં!

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. • Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**


PREM GROUP
LIFE BEYOND SQ. FT.
(Formerly known as M/s. Premji M. Gada)
A new world unveils at your doorstep
Nestled amid nature's grace, Prem Bima Chhaya awaits you.
2BHK apartments located
5-mins walk from Mulund Station
Opposite the serene Chintamani Garden
5-mins drive from Eastern Express Highway
A home that holds for you
Nature's Grace
A Mesmerizing Show Deck
A Top-class Fitness Centre
Near Chintamani Garden, Mulund (East)
So, wait no more. Come live your best life @ Prem Bima Chhaya.
PREM Bima Chhaya
Life is beautiful, here!
RERA No.: P51800052143
A PROJECT BY M/S ASHWIN ENTERPRISES
Corporate Office: 1st Floor, Out House, Dinmani Sadan, R.R.T. Road, Mulund (W), Mumbai - 400 080.
Contact: +91 9769762989, 9769762525
Contact for more details
+91 97697 62525
Click Here

શ્રી ગુર્જરમાત પ્રસ્તુત કૃષ્ણ લીલા ૨

ગુર્જરમાત

ગુર્જરમાત દ્વારા પ્રસ્તુત અને હિના ઠક્કર અને સાથી કલાકારો દ્વારા ગીત, સંગીત અને નૃત્યના સથવારે આયોજિત

# શ્રીકૃષ્ણલીલા -૨ કાર્યક્રમની ભવ્યાતિભવ્ય રજૂઆતથી પ્રેક્ષકો થયા કૃષ્ણભક્તિમાં તરબોળ



**Click Here**

## ગુર્જરમાત દ્વારા પ્રસ્તુત અને હિના ઠક્કર અને સાથી કલાકારો દ્વારા ગીત, સંગીત અને નૃત્યના સથવારે આયોજિત

# શ્રીકૃષ્ણલીલા -૨ કાર્યક્રમની ભવ્યાતિભવ્ય રજૂઆતથી પ્રેક્ષકો થયા કૃષ્ણભક્તિમાં તરબોળ







**શાંતિલાલ નાકર**

કૃષ્ણ એ યુગપુરુષ છે, વિશ્વમાનવ છે, એટલે જ જન્માષ્ટમી તરીકે ઓળખાતો તેમનો જન્મદિવસ સનાતન સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતા લોકો દ્વારા વિશ્વભરમાં ઉજવાય છે. આ પરંપરાને અનુરૂપ આ વર્ષે કૃષ્ણજન્માષ્ટમીના દિવસે જ તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ના ગુર્જરમાત દ્વારા પ્રસ્તુત અને હીના ઠક્કર અને સાથી કલાકારો દ્વારાઆયોજિતકૃષ્ણના જન્મ, બાળપણ, યુવાની અને પ્રૌઢાવસ્થા દરમ્યાન તેમણે કરેલી લીલાઓને ગીત, સંગીત નૃત્ય અને દશ્ય-શ્રાવ્યના માધ્યમથી તાદશ્ય કરતો અદભૂત કાર્યક્રમ 'શ્રી કૃષ્ણલીલા-૨' કાલિદાસ નાટ્યગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને પ્રેક્ષકોએ અઢી કલાક સુધી કૃષ્ણમય બનીને આકંઠ માણ્યો હતો અને તેની રજૂઆત એટલી સચોટ હતી કે જાણે કાલિદાસ નાટ્યગૃહમાં વૃંદાવન ખડું થયું હોય એમ લાગી રહ્યું હતું!

**કાર્યક્રમની શરૂઆતમાં ગુર્જરમાતના માલિક-તંત્રી શ્રી જયંતભાઈ છેડા, શ્રીમતી જસ્મીના જયંત છેડા, તેમ જ કાર્યક્રમમાં પધારેલ મહોભાવોના હસ્તે અને દીપક મહારાજના મંત્રોચ્ચારની સાથે પ્રેક્ષકોની ઉત્કંઠા વચ્ચે સુંદર સ્વર અને સંગીતમાં 'મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી'ના કૃષ્ણભજનથી થઈ હતી.** ત્યાર બાદ કાલિદાસ નાટ્યગૃહના બેકડ્રોપને આવરી લેતી વિશાળ ડિજીટલ સ્ક્રીન ઉપર દશ્ય-શ્રાવ્ય (ઓડિયો-વિઝ્યુઅલ)ના માધ્યમથી દેવકી-વસુદેવના લગ્ન સમયે કંસને થયેલી આકાશવાણી, કંસ દ્વારા તેમને આપવામાં આવેલો જેલવાસ, તેમના સાત-સાત પુત્રોની હત્યા, કારાવાસમાં શ્રાવણ વદ આઠમની મધરાતે કૃષ્ણજન્મ, ચમત્કારિક રીતે જેલમાં વસુદેવની બેડીઓ ખુલી જવી, જેલના ચોકીદારોનું નિદ્રાવશ થવું, વાસુદેવનું ગાંડીતૂર યમુનાના પૂરમાં દાખલ થવું, કનૈયાના પગનો સ્પર્શ થતાં યમુનાના પૂરનું શમી જવું, ગોકુળમાં નંદ-યશોદાને ત્યાં બાળકૃષ્ણને સોંપી તેમની નવજાત બાળકીને લઈને કારાવાસમાં પરત આવવું અને બીજી તરફ ગોકુળમાં નંદ-યશોદાને ત્યાં પુત્રજન્મની ખુશાલીમાં નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી, યશોદા કો લાલો ભયો જય કનૈયાલાલ કી, હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કીના જયઘોષથી ગોકુળની ગલીઓમાં નંદ મહોત્સવની ઉજવણી આ સમસ્ત પ્રસંગો ડિજીટલ સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યા. ત્યારબાદ લાઈવ કાર્યક્રમમાં હીના ઠક્કરે પોતાના વિશિષ્ઠ અંદાજમાં શ્રી કૃષ્ણની અદભૂત લીલાઓનું વર્ણન કર્યું હતું અને તે દરમ્યાન ૭૦ જેટલા કલાકારોએ (જેમાં આ વર્ષે અધિકતર બાળ કલાકારો હતા) અતિશય સુંદર વેશભૂષામાંલાઈવ સંગીતના સથવારે, ગાયક કલાકારોના સુમધુર કંઠે ક્યારેક સૌમ્ય તો ક્યારેક પહાડી સ્વરોમાં ગવાયેલ ગીતો અને ગરબા ઉપર નયનરમ્ય અભિનય, નૃત્ય, અને રંગબેરંગી પ્રકાશ સંયોજનની સાથે રાસ-ગરબાની અદભૂત રજૂઆત કરી હાઉસફુલ કાલિદાસમાં ઉપસ્થિત એકેએક પ્રેક્ષકને કૃષ્ણભક્તિમાં તરબોળ કરી દીધા હતા.


લાઈવ દશ્યોમાં કનૈયાને ટોપલીમાં ઊંચકીને યમુના પાર કરતા વસુદેવ, તે સમયે શેષનાગનું બાળકનૈયા પર છત્ર બનીને કૃષ્ણ-અને વાસુદેવનું ધોધમાર વરસાદમાં રક્ષણ કરવું અનેબાળકૃષ્ણની ભૂમિકામાં એક વર્ષથી પણ નાના કલાકારની અદાઓએ સર્વ પ્રેક્ષકોના મન મોહી લીધાં હતાં.ત્યારબાદ ગોકુળમાં કૃષ્ણજન્મની ખુશીમાં ગવાયેલા'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી'ગીતના પ્રેરક કૃષ્ણભક્ત હતા જાણીતા સમાજસેવક હિરાલાલભાઈ મૃગ. આ ઉપરાંત બાલકૃષ્ણને લાડ લડાવતાં યશોદામૈયા,બાળ કનૈયાના તોફાન મસ્તી, રાધા-કૃષ્ણનો નિર્મળ પ્રેમ, ભગવાન શંકરનું બાળ કનૈયાના દર્શન માટે ગોકુળમાં આવવું, કાલીયમર્દન કરીને બાળકૃષ્ણનું કાલીનાગ પર નર્તન કરવું, માખણચોર નંદકિશોરનું મટકી ફોડવું વગેરે કૃષ્ણલીલાના અનેક પ્રસંગોની આબેહૂબ ભજવણીએ પ્રેક્ષકોને ડોલાવી દીધા હતા. તો કૃષ્ણ-સુદામાના મિલન જેવા ભાવનાત્મક પ્રસંગની ભજવણી સમયે અનેક પ્રેક્ષકોની આંખના ખૂણા ભીના કર્યા હતા. સમસ્ત કાર્યક્રમ દરમ્યાન ગવાયેલા દરેક ગીત-ગરબા-ભજન ઉપર કલાકારોએ બેનમૂન નૃત્યોથી પ્રેક્ષકોના દિલ જીતી લીધાં હતાં, એટલું જ નહીં મધ્યાંતર પહેલાં ગવાયેલા ગીતો અને ગરબાઓ ઉપર અનેક પ્રેક્ષકો મંચ સમક્ષ આવીને મનભરીને નાચ્યા હતા. મધ્યાંતર બાદ સુંદર ફૂલોથી સજાવેલા ફરતા અને સરકતા મંચ પર મનમોહક અદામાં ઉભા રહેલા રાધા-કૃષ્ણની આરતી 'દીવડા ઝગમગ ઝગમગ થાય' ગવાતી હતી ત્યારે હીનાબહેને











Click Here

## ગુર્જરમાત દ્વારા પ્રસ્તુત અને હિના ઠક્કર અને સાથી કલાકારો દ્વારા ગીત, સંગીત અને નૃત્યના સથવારે આયોજિત



# શ્રીકૃષ્ણલીલા -૨ કાર્યક્રમની ભવ્યાતિભવ્ય રજૂઆતથી પ્રેક્ષકો થયા કૃષ્ણભક્તિમાં તરબોળ
















Click Here

## ગુર્જરમાત દ્વારા પ્રસ્તુત અને હિના ઠક્કર અને સાથી કલાકારો દ્વારા ગીત, સંગીત અને નૃત્યના સથવારે આયોજિત

# શ્રીકૃષ્ણલીલા -૨ કાર્યક્રમની ભવ્યાતિભવ્ય રજૂઆતથી પ્રેક્ષકો થયા કૃષ્ણભક્તિમાં તરબોળ

કરેલી વિનંતીને પ્રતિસાદ આપતાં એકેએક પ્રેક્ષકે પોતાના મોબાઈલ લાઈટની ટોર્ચ ચાલુ કરી પોતાના સ્થાન પરથી જ આરતી કરી હતી ત્યારે કાલિદાસ સભાગૃહમાં એક અદભૂત પ્રકાશમય વાતાવરણ રચાયું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં ગુર્જરમાતના જયંતભાઈ છેડાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે રજૂ કરાયેલા





























કૃષ્ણલીલા-૧ કાર્યક્રમને પ્રેક્ષકોનો જબ્બરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો અને આ વર્ષે પણ કૃષ્ણલીલા-૨ રજૂ કરવા પબ્લિક ડીમાન્ડ હતી જેને હીનાબહેન ઠક્કરની જહેમત અને સ્પોન્સર્સના સહકારથી નવા રૂપરંગ, નવા ગીતો, નવા કોસ્ચ્યૂમ અને નવા સેટીંગ સાથે પૂર્ણ કરવામાં આવી છે. ત્યારબાદ કૃષ્ણલીલા-૨ના સર્વ સ્પોન્સર્સને મંચ પર બોલાવી મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કૃષ્ણલીલા કાર્યક્રમ અંગે પ્રતિભાવ આપતાં કૃષ્ણલીલા-૨ના એક સ્પોન્સર ટીપટોપવાળા મનોજભાઈ શાહે કલાકારોના અભિનય, ચહેરાના હાવભાવ (એક્ષ્પ્રેશન્સ), વેશભૂષા, કોરીઓગ્રાફી, ગાયકી, ગીત-ગરબાનું સિલેક્શન જેવા તમામ પાસાંઓની ખૂબ પ્રશંસા કરી હતી અને આવા ઉત્કૃષ્ઠ લેવલના કાર્યક્રમ રજૂ કરવા બદલ ગુર્જરમાત અને હીનાબહેન ઠક્કરનો આભાર માન્યો હતો. મધરાતે બરાબર ૧૨ વાગ્યે કૃષ્ણજન્મ સમયે કાર્યક્રમના ગ્રેંડ ફિનાલેમાં કાર્યક્રમમાં ભાગ લેનાર ૫૦થી પણ વધુ કલાકારો, ગાયકો, સંગીતકારોની સાથે પ્રેક્ષકોએ પણ નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી, યશોદા કો લાલો ભયો જય કનૈયા લાલકી ના જયઘોષ સાથે એક અદ્વિતીય કાર્યક્રમ માણ્યાના આનંદ અને સંતોષ સાથે કાર્યક્રમનું સમાપન કર્યું હતું. કાર્યક્રમના અંતે હિરાલાલ મૃગ તરફથી સર્વે ઉપસ્થિતોને સ્પેશિયલ બોક્સમાં પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.



કૃષ્ણ લીલા-૨ પર આપના પ્રતિભાવો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે
આપ આપના પ્રતિભાવ
Email gurjarmat@gmail.com
પર અથવા વોટસએપ દ્વારા
9322257731, 9221240755
પર મોકલાવી શકો છો.

Artists & Participants

**Little Krishna**
Krishvi Jai Thakkar
Maahir Malay Bajaj
Hridansh Bhanushali

**Participants**
Malvi Shah
Khushbu Aaiya

**Choreographer**
Urvi Soni &
Ayushi Malia
Prisha Soni
Jiyana Shah
Vritti Shah
Janvi Aggarwal
Dhriti Ganatra
Pakhi Bindal
Vivaa Thakker
Ruhi Shah
Nysha Thakkar
Jaanvi Panjwani
Layashree Kulkarni
Nivika Hinger
Devanssh Katira
Darsh Bhadra
Dhruvin Thakker
Akshat Gor
Hiya Chothani
Sonal Katira
Jiya lakhani
Minakshi lakhani

**Khealiya Group**
Himesh Thakkar &
Kashish Thakkar
Rishi Chande
Bhavya Sonagela
Divyansh Sharma
Drishti Panchal
Yashvi Thakkar
Sejal Bhatt
Disha Vikamasi
Dhwani panchal
Shivalika & her group

**Singers**
Bhavna Gada
Uday Gadhvi
Ashish Dadia
Urmila

**Musicians**
Shekhar Lokhare
Anand Pawar
Deepak Nailwal
Kirti Shah
Bhavik Bhatia
Jitu Khot

**Sound/lights**
Gajanand - Anand maurya

**Video Jocky**
Mehul Gandhi

**Special Effects**
Kunal oza

**Photo & Videography**
Naresh G Thakare
ROHIT video Art

Click Here